Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૩ • તા. ૨૬ ઑક્ટોબર થી ૦૧ નવેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા ''અહિંસા એક પ્રચંડ તાકત'' વિષય પર ૧૪ મી આંતરધર્મીય પરીષદનું આયોજન સંપન્ન




વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા ''અહિંસા એક પ્રચંડ તાકત'' વિષય પર સર્વ ધર્મ સદભાવ ના ઉપલક્ષમાં અહિંસા દિવસની ઉજવણીમાં ૧૪મી આંતરધર્મીય પરીષદનું આયોજન ૪ થી ઓક્ટોબર ૨૦૧૫ ના ભારતીય વિદ્યા ભવન ચોપાટી, મુંબઈમાં લીંબડી અજરામર સંપ્રદાયના પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રકાશચંદ્રજી સ્વીમીના શિષ્ય પૂજ્ય શ્રી ધનેશચંદ્રજી સ્વામી અને પૂજ્ય શ્રી આગમચંદ્રજી સ્વામીની પાવન નિશ્રામાં કરવામાં આવ્યું

અનુસંધાન ૨૦મા પાને



## જ્ઞાતિનો પ્રતિભાવંત કિશોર હાર્દિક (વંદના - સમીર લાલકા - વારાપધર મોરબી)નો સુપુત્ર નેશનલ રૂરલ આયટી ક્વીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

હાલ મોરબીમાં રહેતા મુળ વારાપધરના શ્રીમતી વંદના અને શ્રી સમીર લાલકાનો સુપુત્ર હમણા ગુજરાતના ભાવનગર જિલ્લાના સોનગઢની એમ.જે.સી.કે. આર. હાયર સેકેંટરી સ્કૂલમાં બારમાં ધોરણમાં ભણે છે.



હાર્દિકએ પોતાના મિત્ર હિત મહેતા સાથે ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજ કોસ્ટ) દ્વારા યોજાતી જિલ્લા - રાજ્યકક્ષાની રૂરલ આયટી ક્વીઝમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે અને રૂા. ૧૦,૦૦૦/- પુરસ્કાર મેળવ્યો છે. હવે તેઓ બેંગલોરમાં યોજનાર નેશનલ રૂરલ આયટી ક્વીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ



અજિતનાથ જિનાલય

દલતુંગી ગામના અજિતનાથ દેરાસરને
નવો આકર્ષક ઓપ અપાયો છે.
મહાજન વાડીનું કામ ઝડપથી પ્રગતિના પંથે છે.
વિગતો માટે જુઓ કલર પાના નં. ૧૧-૧૨-૧૩



પ્રસ્તાવિત મહાજન વાડી

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# સોનથરી આયોજીત ૧૭૫ મા ધ્વજા મહોત્સવ નિમિત્તે સ્નેહમિલન

પ્રતિ,
આત્મીય સુથરીવાસીઓ તથા નિયાણીબહેનો સહપરિવારને જયજિનેન્દ્ર,

શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપા અને ગુરૂભગવંતોનાં આશીર્વાદથી આપણું શ્રી સુથરી મહાતીર્થ ૧૭૭ વર્ષમાં પ્રવેશ કરે છે. સં. ૨૦૭૨માં દશાન્હિકા મહોત્સવ કાર્યક્રમ ચૈત્ર વદ ૧૪ થી વૈશાખ સુદ ૮ (તા.૫-૫-૨૦૧૬ થી ૧૫-૫-૨૦૧૬) સુથરી મહાતીર્થે પૂ. ગુરૂભગવંતો તથા પંડિત વિશાલભાઈ ધરમશી સંગાથે આયોજન કરેલ છે. આ મહોત્સવના ચડાવાનાં આદેશ સ્નેહમિલનના દિવસે આપવામાં આવશે.

**રવિવાર,તા. ૧-૧૧-૨૦૧૫ સમયઃ સવારના ૯ કલાકે**

**સ્થળઃ માતુશ્રી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (ઈસ્ટ)**

## સ્નેહમિલનના સૌજન્ય – સોની પરિવાર

### સ્નેહમિલનની રૂપરેખા

| | | | |
|---|---|---|---|
| સવારે ૯.૩૦ કલાકે<br>દીપ પ્રાગટ્ય | સવારે ૧૦.૩૦ કલાકે<br>વિશાલભાઈ પંડિત દ્વારા મહોત્સવની ઝાંખી | સવારે ૧૧.૦૦ કલાકે<br>ચડાવા તથા આદેશ | બપોરે ૧.૩૦ કલાકે<br>સ્વામિવાત્સલ્ય |
| કુદડી મારી પ્રોગ્રામ : કચ્છ કોહિનુર રસિક મહારાજ - સવારે ૧૦.૩૦ થી ૩.૩૦ | | | |
| બપોરે ૩.૦૦ કલાકે<br>ચા-પાણી | બપોરે ૩.૩૦ કલાકે<br>સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૬.૦૦ કલાકે<br>પ્રિતિભોજન | સાંજે ૭.૦૦ કલાકે<br>દાંડિયા-રાસ ગરબા |

### શ્રી સુથરી મહાતીર્થ ૧૭૫ વર્ષ દશાન્હિકા ધ્વજા મહોત્સવની રૂપરેખા

| તીથી | વાર | તારીખ | પૂજન વિગત | ચડાવા - નકરા |
|---|---|---|---|---|
| ચૈત્ર વદ ૧૪ | ગુરૂ | ૫-૫-૨૦૧૬ | કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જવારા રોપણ, શાંતિકળશ | ચડાવા |
| ચૈત્ર વદ ૦॥ | શુક્ર | ૬-૫-૨૦૧૬ | શ્રી મહાવીર પંચ કલ્યાણક પૂજા | નકરો રૂા. ૧૧૦૦૦/- |
| વૈશાખ સુદ ૧ | શનિ | ૭-૫-૨૦૧૬ | શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા | નકરો રૂા. ૧૧૦૦૦/- |
| વૈશાખ સુદ ૨ | રવિ | ૮-૫-૨૦૧૬ | શ્રી નવપદ પૂજા | નકરો રૂા. ૧૧૦૦૦/- |
| વૈશાખ સુદ ૩ | સોમ | ૯-૫-૨૦૧૬ | શ્રી આદિનાથ પંચ કલ્યાણક પૂજા | નકરો રૂા. ૧૧૦૦૦/- |
| વૈશાખ સુદ ૪ | મંગળ | ૧૦-૫-૨૦૧૬ | શ્રી અઢાર અભિષેક | ચડાવા |
| વૈશાખ સુદ ૫ | બુધ | ૧૧-૫-૨૦૧૬ | સવારના રથ યાત્રા ત્યાર બાદ પાટલા પૂજન | ચડાવા |
| વૈશાખ સુદ ૬ | ગુરૂ | ૧૨-૫-૨૦૧૬ | ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ૨૭ લાભાર્થી પરિવાર | પરિવાર નકરો રૂા.૫૦૦૦/- |
| | | | ૨૭ પરિવાર × ૪ = ૧૦૮ વ્યક્તિ | |
| વૈશાખ સુદ ૭ | શુક્ર | ૧૩-૫-૨૦૧૬ | કલ્યાણ મંદિર સ્તોત્ર ૧૧ પરિવાર × ૪ = ૪૪ વ્યક્તિ | પરિવાર નકરો રૂા.૧૧૦૦૦/- |
| વૈશાખ સુદ ૮ | શનિ | ૧૪-૫-૨૦૧૬ | ધ્વજા મહોત્સવ | ચડાવા |
| | | | બૃહદ શાંતિસ્નાત્ર : ૨૭ પરિવાર × ૪ = ૧૦૮ વ્યક્તિ | પરિવાર નકરો રૂા.૫૦૦૦/- |
| વૈશાખ સુદ ૯ | રવિ | ૧૫-૫-૨૦૧૬ | દ્વાર ઉદ્‌ઘાટન | |

નોંધ : સાધર્મિક ભક્તિના દાતા આવકાર્ય • કાયમી ધ્વજા મદ્રાસવાળા પ્રેમચંદભાઈએ ચડાવા માટે મંજુરી આપેલ છે.

**મહોત્સવ ડાયમંડ દાતા**

**શેઠ ભવાનજીભાઈના સ્મરણાર્થે - માતુશ્રી બાયાંબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર**

**શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

**મહોત્સવમાં ૧૫ દિવસ આવનારની ટ્રેનની ટીકીટના દાતા : શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

## નિમંત્રક : શ્રી સુથરી જૈન સંઘ

તા.ક. સવારના ૧૦.૩૦ સુધી આવનારને ડ્રો કુપન આપવામાં આવશે. ડ્રોમાં આકર્ષક ઈનામોની ભરમાર

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 43/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**વિચાર મંથન :**

## સમય કરતાં મોડું કરવું એ આપણો સામાજિક સ્વભાવ અને સંસ્કૃતિ છે

તમે એક યા બીજા કારણસર કે પ્રંગોપાત્ત ચોક્કસ કોઈ ને કોઈ જાહેર કાર્યક્રમમાં ગયા જ હશો, વર્ષોથી નિયમિત પણ જતા હશો. કેટલા કાર્યક્રમ સમય મુજબ ચાલ્યા અને પત્યા ? કેટલા કાર્યક્રમમાં વક્તાઓ પોતાને ફાળાવેલા સમય જેટલું જ બોલ્યા અને તેમને જે વિષય આપ્યો હતો એ વિષયને ન્યાય થાય એ રીતે બોલ્યા ? મોટા ભાગના જાહેર કાર્યક્રમો ક્યારેક સમય મુજબ ચાલુ થતા નથી અને ચાલતા પણ નથી. આનું સૌથી મોટું કારણ શું હશે ? આને મોટું કારણ ગણો કે ન ગણો, મુખ્ય કારણ તો છે જ. આપણે કહીએ છીએ કે સમય મૂલ્યવાન છે, પરંતુ આપણે જ ઘણી વાર એની કિંમત કરતા નથી. આ સત્ય માનીએ કે ન માનીએ, સ્વીકારીએ કે ન સ્વીકારીએ; પણ આપણી આસપાસ બનતા-યોજાતા સંખ્યાબંધ પ્રસંગો-ઘટનામાં જોઈશું, તો આપણને સમયની કિંમત નથી એના ઢગલાબંધ પુરાવા મળશે. આપણે આ સમયની પાબંદીની બાબતને બહુ જ કેઝયુઅલી અથવા ટેકન ફૉર ગ્રાન્ટેડ લઈએ છીએ.

ક્યારેક તો એવું લાગે કે આપણે સમયને અર્થહીન વાપરતા કે વેડફતા રહીએ છીએ. આપણે આમ પોતાની સાથે કરીએ તો ઠીક છે, પરંતુ આપણે બીજા અનેક લોકોના સમયની પણ પરવા કરતા નથી. આમ કરી આપણે બધા જ એકબીજાના સમયની કદર-કાળજી કરવાને બદલે પરસ્પરના સમયને વેડફતા રહીએ છીએ. સમયની આ બાબત અનેક પ્રંસગોએ લાગુ પડે એવી છે. પરંતુ આપણે અહીં અત્યારે તો માત્ર જાહેર કાર્યક્રમોમાં થતા સમયના વેડફાટની વાત કરીશું.

આપણા સમાજમાં અવસર કોઈ પણ હોય મોટા ભાગના જાહેર કાર્યક્રમોની શરૂઆત મોડી જ થાય; કારણ કે આયોજકોનું સમયનું પ્લાનિંગ ઠેકાણા વગરનું હોય. તેમણે માની જ લીધું હોય કે બધાને ૬ વાગ્યે આવવાનું આમંત્રણ આપીશું તો લોકો સાડાછ સુધીમાં આવશે. કાર્યક્રમમાં શ્રોતા તરીકે જનારા લોકોએ પણ દઢપણે માની લીધું હોય કે એ તો ૬ વાગ્યે કહે એટલે સાડાછ કે ૭ વાગ્યે શરૂ થાય. આમ શરૂઆત જ ખોટી માન્યતાથી થાય. પાછી આ માન્યતા વર્ષોથી ચાલતી અને જોવા મળતી પરંપરાને કારણે સાચી બની ગઈ હોય. કાર્યક્રમમાં આવનારા ચીફ ગેસ્ટથી માંડી મહેમાનો કે મંચ બેસનારા ભાગ્યે જ સમયસર આવે. ત્યાર બાદ ટિપિકલ સ્વાગત, રાબેતા મુજબ પરિચય વગેરેની લાંબી-લાંબી ફોર્માલિટી વર્ષોથી અર્થહીન રીતે ચાલે જ રાખે છે. કહેવાય છે કે આમ કરવું એ તો પરંપરા છે. પરંતુ દોસ્તો, સમય સાથે પરંપરાને પણ બદલવાની પરંપરા પણ શરૂ કરી શકાય. દરેક વખતે દીપ્રાગટ્ય કરવું જરૂરી નથી, પરમાત્માની છબિ પાસે દીપ પહેલથી પ્રગટાવી રાખીએ અને દરેક જણ પોતાની જગ્યાએ જ ઊભા રહીને પરમાત્માને વંદન કરી દે તો ન ચાલે ? અરે ભાઈ, સ્વાગત બોલીને કરી લોને ! કેટલી વાર પુષ્પગુચ્છ આપશો ? (એ પુષ્પગુચ્છ પાછા પડ્યા રહેતા હોય છે પ્લાસ્ટિકમાં જ, જેનો મહદંશે બગાડ જ થાય છે) એ વળી પાછા કોના હાથે આપવા, બધાને ચાન્સ મળવો જોઈએ, બધાને રાજી રાખવા પડે એવીબધી ગણતરીઓ હોય. વળી સ્વાગત કરતાં-કરતાં હાથમાં માઈક હોય એટલે સંસ્થાના એ ભાઈ કે બહેન પોતાની કથા ચલાવે, સંચાલકસાહેબના હાથમાં બીજા બધાની બાજી હોય અને પોતાનો વારો વારંવાર આવે એથી પોતાનું બ્રૅન્ડિંગ પણ ચાલુ જ રાખે. ઑલરેડી મોડો શરૂ થયેલો કાર્યક્રમ આ બધી વિધિઓમાં વધુ ખંચાય. ક્યારેક તો એડધો-પોણો કલાક આમાં જ ચાલ્યો જાય.

**આ બધા વચ્ચે જેમનું પ્રવચન રાખ્યું હોય તેમનો વારો આવે એ પહેલાં તો શ્રોતાઓ ઘણુંખરું થાકી ગયા હોય, એમાં પણ વળી જો વક્તા ત્રણ કે ચાર હોય તો તો શ્રોતાઓનો ખો નીકળી જાય.** મોટા ભાગના વક્તાઓ લાંબુ-લાંબુ બોલ્યા જ કરે છે. કરુણતા એ છે કે વિષયની બહાર જઈને પણ બોલ્યા કરે ત્યારે શ્રોતાઓની પીડા ઓર વધી જાય છે. આમ પણ માઈક હાથમાં આવે અને શ્રોતાઓની સંખ્યા મોટી હોય ત્યારે એ માઈક છોડવાનું કામ સંસાર છોડવા જેટલું અઘરું કામ ગણાય.

મહદંશે જ્ઞાતિ-મંડળો-જાહેર સામાજિક સંસ્થાઓના કાર્યક્રમ હોય ત્યારે દરેક વક્તા મોટે

**ભાગે પોતાના વિષયની બહાર જાય એ તો ખરું, પણ આ દરમ્યાન તે વળી આયોજકોનાં વખાણ કરે એમાં જુદી મિનિટો લે, એ પછી એકબીજાને બિરદાવવાની હરીફાઈ ચાલે.** પોતાની અંગત અને પોતાના લાગતા-વળગતાઓની સિદ્ધિઓ યાદ કરાવે, પોતે ન કહી શકે તો પરિચયમાં કહેવડાવે. ખરે હા, જાહેર કાર્યક્રમોમાં સ્વાગત બાદ વક્તા કે વક્તાઓના પરિચયની વિધિ પણ લાંબી ચાલે.

ઘણી વાર પાછું એમ પણ બોલાય કે શ્રીમાનસાહેબને (વક્તાને) પરિચયની જરૂર નથી, તેમને કોણ નથી જાણતું ? તો પણ પાછો લાંબો વિધિસર પરિચય આપવામાં આવે અને એમાં વળી વખાણો અને વિશેષણોનો અતિરેક થાય. આમ કરતી વખતે ચોક્કસ કામ કઢાવી લેવાની મનોવૃત્તિ કે ગણતરી પણ કામ કરતી હોય. ચીફ ગેસ્ટ કે વક્તા કોણ છે, કેટલો વગદાર છે એના પર પરિચયનો આધાર હોય છે.

આભારવિધિ! આ પણ એક જાહેર કાર્યક્રમની ટિપિકલ વિધિ છે. આભારવિધિ કરનાર સંસ્થાની પદાધિકારી વ્યક્તિને ખુશ રાખવા માટે અને આભારની ફૉર્માલિટી ખાતર જ આ કામ થાય છે. બાકી આભારવિધી સાંભળવામાં ખરેખર કેટલા લોકોને રસ હોય છે ? મોટા ભાગના લોકો આ વિધિ દરમ્યાન મનથી બહાર ચાલ્યા જ ગયા હોય છે, શરીરથી અંદર એટલા માટે હોય છે કે સભાગૃહના દરવાજા ખૂલ્યા નથી હોતા. આ પરંપરામાં પણ પરિવર્તનની જરૂર નથી લાગતી ?

જાહેર કાર્યક્રમોનું મહત્ત્વ હોય છે, એના સારા ઉદેશો પણ હોય છે એ વાતનો સ્વીકાર કરીએ; પણ બંધા કરતાં સમયનું મહત્ત્વ અને સમયનો ઉદેશ વધુ ઊંચા ગણાય. **સમય કીમતી છે, મૂલ્યવાન છે. એને માન મળવું જોઈએ, એનો સદુપયોગ થવો જોઈએ.** કમસે કમ એનો વેડફાટ તો ન જ થવો જોઈએ. સમયને જાળવવાની શિસ્ત માત્ર સંસ્થાઓએ જ નહીં, દરેક જણે પાળવી જોઇએ. ખેર, સંસ્થાઓ કે જાહેર કાર્યક્રમોનો આયોજકો કરે કે નકરે, આપણે સમયની કદર કરીએ; સમયને માન આપીએ.

અલબત્ત, કેટલીક સંસ્થાઓ સમયનું બરાબર પાલન કરે છે, કેટલાક વક્તાઓ પણ સમયની શિસ્તમાં રહે છે. અહીં કોઈને પણ ઉતારી પાડવાનો કે કોઈ પણ પ્રકારની ટીકા કરવાનો ઉદેશ નથી બલકે આ આપણી સમય પ્રત્યેની સાર્વજનિક ઉપેક્ષાભરી માનસિકતા અને સમસ્યામાં સુધારો આપણે જ કરવો જરૂરી છે.

જ્ઞાતિ-જાતિ-ધાર્મિક-અધાર્મિક-સામાજિક સહિતની તમામ જાહેર સંસ્થાઓ યાદ રાખે કે નવી પેઢીને આવી સભા કે કાર્યક્રમોમાં લાવવી હશે, તો સમયની શિસ્ત જાળવવી પડશે. ટુ ધ પૉઈન્ટ રહેવું જોઈશે. કાર્યક્રમોની ટિપિકલ પરંપરાઓમાં સમય સાથે પરિવર્તન-ઈનોવેશન લાવવાં પડશે. અન્યથા ટાઈમપાસ કરવા ઈચ્છતા લોકો અથવા ફુર્સત કે રાતદિનવાળા અથવા માત્ર આધેડ વચના સિટિઝન્સ લોકોની હાજરીથી સભા ચાલતી રહેશે, કાર્યક્રમો થતા રહેશે નવી પેઢી માટે નવા પણ બનવું પડશે ....

**- જયેશ ચિતલિયા, મિડેમાંથી સાભાર**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખીમોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**
**દિવાળી સુધી રવિવારે પણ ચાલુ...**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

## જ્ઞાતિ આગેવાન શ્રી ભવાનજી અરજણ ખીમજીની સ્મૃતિમાં તેમનો પરિવાર કેડીઓ ગ્લોબલ સમિટ માટે પૂર્ણ અર્થ સહયોગ આપશે.

**બેંગલોર, મુંબઈ, ચેન્નઈ, હૈદરાબાદના મહાજનો તથા કેડીઓ જૈન વેલફેર ટ્રસ્ટ પૂણેના સંયુક્ત ઉપક્રમે કેડીઓ ગ્લોબલ સમિટનું બેંગલોર ખાતે જાન્યુઆરી ૨૦૧૬ની તા. ૮ અને ૯ એમ બે દિવસ માટે આયોજન કરાયું છે.**

**ભાગ લેવા ઇચ્છુક જ્ઞાતિજનાએ તા. ૭/૧/૨૦૧૬ની રાત સુધીમાં બેંગલોર પહોંચી જવાનું રહેશે. ગ્લોબલ સમિટમાં હાજર રહેવા ઇચ્છતા જ્ઞાતિજનોએ ૩૦ નવેમ્બર ૨૦૧૫ સુધી રજિસ્ટ્રેશન કરાવી લેવું જોઈશે.**

**સૌ સહભાગી થનારાઓની રહેવા-જમવાની વ્યવસ્થા બેંગલોર સ્થિત તાજ વિવાન્ટામાં કરાઈ છે. ટ્રિપલ શેરિંગ રૂમનું ભાડું રહેવા, જમવા સાથે જણ દીઠ રૂા. ૨૨૦૦/- બે દિવસના તથા ટ્વિન/ડબલ શેરિંગ માટે રૂા. ૩૩૦૦/- સિંગલ ઓક્યુપંસી માટે રૂા. ૬૬૦૦/- નિશ્ચિત કરાયા છે. ટ્રિપલ અને ડબલ શેરિંગના ઇચ્છુક સાથે રહેનારાનું નામ સૂચવી શકે છે. ૩૦ નવેમ્બર ૨૦૧૫ પછી રજીસ્ટ્રેશન કરાવનારાઓ માટે હૉટલ ચાર્જ ૫૦૦ થી ૭૦૦ રૂા. વધુ રહેશે.**

**સમિટ માટે ડ્રેસ કોડ: પુરુષો માટે ફોર્મલ સૂટ/બ્લેઝર તથા મહિલાઓ માટે સાડી નું પાલન ફરજિયાત છે**

**વધુ વિગત www.kdoglobalsummit.com પર જોઈ શકાય છે.**

---

## વસ્તીપત્રકની માહિતી અપડેટ કરાવવા બાબત સર્તક રહી સહયોગ આપવા અનુરોધ

વસ્તીપત્રક માટે ફોર્મ દ્વારા વિગત ભેગી કરાયાને ત્રણ વર્ષ થયા. તે બાદ કુટુંબમાં થતા ફેરફાર જેવા કે જન્મ, સગપણ, લગ્ન અને મરણની વિગત જ્ઞાતિપત્રોમાં છપાતી વિગતો દ્વારા અપડેટ કરાય છે. છુટાછેડાની વિગત સંબંધિત કુટુંબ દ્વારા અપાતા તે બાબતના કાયદાકીય કાગળો બાદ જ ફેરફાર કરાય છે. ઘણા કુટુંબોએ નેટ પર રજીસ્ટ્રેશન કરાવ્યા છતાં પોતાના કુટુંબોમાં થતા ફેરફાર જણાવ્યા નથી. આથી તેમને લગતા કુટુંબજનો કે સગાસંબંધીઓની વિગતોમાં અડચણ થાય છે. S.S.C., H.S.C., ગ્રેજ્યુએટ કે તેથી ઉપરની પરીક્ષા પસાર કરેલ જ્ઞાતિજનોને વિગત મોકલવા વિનંતી કે જેથી લગ્નોત્સુકની વિગતોમાં ફેરફાર કરી શકાય અતઃ સર્વે જ્ઞાતિજનોને સહકાર આપવા વિનંતી છે. વિગતો E-mail પર **kdovast@gmail.com** અથવા સંસ્થાના કાર્યાલય અનંતનાથજી દેરાસર, મસ્જીદ બંદર, મુંબઈ પર મોકલવા વિનંતી છે. ફોન : ૯૯૨૦૮ ૫૫૨૫૯

---

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

ફોન - (02838) 40293
99691 84377

## શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ -૩૭૦ ૪૦૫

**આભાર　　અનુમોદના　　ક્ષમાપના**

શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ભુજપુરના ઉપક્રમે મુંબઈ ઘાટકોપર સ્થાને અચલગચ્છના મહાકાલી દેવીનું મહાપૂજન તથા ભક્તિ ઉત્સવ ૨૦માં વરસના સહયોગી પરિવારો-દાતાઓના સહયોગથી રવિવાર, તા. ૧૮/૧૦/૨૦૧૫ના ઉજવાયેલ. શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ઉદારતાથી પૂજન સામગ્રી મંદિર વપરાશ માટે આપવા બદલ અનુમોદના. મુંબઈ મહાજન-ટ્રસ્ટના પદાધિકારીઓ, સંઘો, વિવિધ મહાજનો, મંડળો, અન્ય સમાજના આવેલ ભાવિકોનો આભાર.

ભક્તિ સંગીત માટે શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર, શ્રી મુકેશ મૈશેરી, કલાકારો શ્રી જિતેન નાગડા, ફાઈવ સ્ટાર કેટરર્સ તેમજ મુક સેવા આપનાર ગુરૂભક્તો રાજુ, મનીષ, પ્રફુલ, શાન્તીલાલ, પંકજ, સતીષ, અજીત, દિનેશ, યોગેશ, નવીન, હેમીલનો વિશેષ આભાર. અન્યો સાથે ખાસ મા ના વધામણે બહારગામથી આવેલ વડોદરા, નાસીક, મસુર, ધાવણગીરી, પૂના, ખંડવા, કચ્છ, નાંદેડ, બુરહાનપુર, મલકાપુર, ગોવા, વાપી, સુરત, અમદાવાદ, કોચીન વિગેરે સ્થાનોના સૌ ભાવિકોનો આભાર.

દેવ-દેવી ના ભુવાઓ, પ.પૂ. મુનિ પુણ્યોદયસાગરજી મ.સા.ની પાવનનિશ્રા ને આર્શીવચન, અન્ય સંતો, પૂજ્ય ગચ્છાધિપતિ, પૂજ્ય આચાર્યશ્રી, પૂજ્ય ગણિવર્યશ્રી, પૂજ્ય સાધ્વીજી મ.સા. આદિની માનવંદના.

ભાવિકોમાં ૩૮૭૦ જેટલી વિશાળ સંખ્યામાં મા પ્રત્યે શ્રધ્ધા ભાવથી દર્શન-વંદન-પ્રસાદ-ભક્તિ ઉત્સવમાં શિસ્તબધ્ધ-રીતે સહભાગી થઈ પ્રસંગની આન-બાન-શાન જાળવી તે માટે માનવંદના, અગવડ માટે મિચ્છામિ દુક્કડમ્.

તા. ૨.૧૦.૨૦૧૬ આસો સુદ ૨ રવિવારના યોજનારા ૨૧મા ઉત્સવ માટે ભાવના બતાવનારા સૌ પરિવારોનો આભાર. શુભેચ્છકો-દાતાઓ-ભાવિકો-જ્ઞાતિજણો-વર્તમાનપત્રો-પત્રિકા-મુંબઈ જ્ઞાતિના સંદેશ સહિત સૌના સહકાર માટે આભાર.

અમારા ટ્રસ્ટના યુવા કાર્યશીલ ટ્રસ્ટીના દુઃખદ નિધન થકી વિશેષ સન્માન કાર્યક્રમ મુલત્વી રખાયેલ.

**યતિશ્રી મોતીસાગરશ્રીજી મહારાજ તથા શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ટ્રસ્ટ તરફથી ક્ષમાપના - અનુમોદના - આભાર**

**જય જય શ્રી અનંતનાથ !　જય શ્રી મહાકાલી માતા !!　જય ગુરૂદેવ !!!**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

**પ્રશ્ન : જે જીવે મરણ સમયે શરીર વોસિરાવ્યું નથી તે શરીરથી જે શુભાશુભ ક્રિયા થાય તેનું શુભાશુભ બન્ને ફળ મળે કે કેમ?**

**ઉત્તર :** શરીર વોસિરાવ્યા વિના જે મરે છે અને તેના શરીરથી જે દુષ્ટ ક્રિયા થાય છે - (વનસ્પતિના લાકડામાંથી તીર-બાણ બને, તેથી જીવઘાતાદિ થાય) તેના કર્મ તે શરીરના ધણીને (આત્માને લાગે છે, એમ શ્રી ભગવતી સૂત્રમાં પાંચ ક્રિયાના અધિકારમાં કહ્યું છે. તેથી દરેક આરાધકે મૃત્યુનો સમય ઓળખી સંથારો લઈ સર્વ વસ્તુ વોસિરાવવી.

વોસિરાવવીને મૃત્યુ થાય તો તે આરાધક થાય અને તેથી મુનિ ત્રીજા ભવે અને શ્રાવક સાતમે ભવે મોક્ષમાં જાય છે. એકેન્દ્રિયના ભવમાં આપણા શરીર પ્રભુભક્તિમાં (પાણી બની - પક્ષાલમાં, પુષ્પ બની પૂજામાં, ફળ બની પૂજામાં, આગ્નિ બની ધૂપ-દીપ પૂજામાં) કામમાં આવ્યા એની અનુમોદના કરવામાં આવી છે તેથી શુભકર્મની અનુમોદનાથી પણ લાભ થાય એમ જણાય છે.

આ ભવમાં જે જે વોસિરાવવામાં આવે છે તેના ઉપરથી મૂર્ચ્છા-આસક્તિ-રાગદશા ટળી જાય છે. રાગ દશા તુટવાથી એ વસ્તુ પ્રત્યે મારા પણાનો મમત્વ ભાવ રહેતો નથી. તેથી તેની કોઈ ક્રિયા આત્માને બાધક થતી નથી. કર્મબંધન કરાવતી નથી.

**પ્રશ્ન : ચોમાસી પક્ખી કયા દિવસે થાય?**

**ઉત્તર :** આગમમાં પક્ખી અને ચોમાસી પૂનમના જ કહેલી છે. તેની આગમ સાક્ષીઓ નીચે મુજબ છે -

* પર્યૂષણાકલ્પમાં કહ્યું છે કે આષાઢી પૂનમે ચોમાસું કરવા લાયક ક્ષેત્રમાં જઈ ચોમાસી પડિક્મણું કરવું.

* કલ્પચૂર્ણિમાં કહ્યું છે કે વ્યાઘાત ન હોય તો કાર્તિક ચોમાસું પૂરૂં કરીને માગશરના પડવાના દિવસે વિહાર કરવો અને વ્યાઘાત હોય તો આગળ કે પાછળ પણ વિહાર કરી શકાય.

* નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે ઉત્સર્ગે એક ક્ષેત્રમાં આષાઢી પૂનમે ચોમાસું થાપી કાર્તિકી પૂનમે ચોમાસું પુરું કરી માગશરના પડવાએ વિહાર કરવો. અને અપવાદે માગશર વદિ દસમ સુધી પણ રહી શકાય છે.

* નિશીથ ચૂર્ણિમાં અન્યત્ર કહ્યું છે કે કાર્તિકી પૂનમે ચોમાસું પુરું કરી માગશરના પડવાના દિવસે વિહાર કરવો, એટલે ચાર માસ પૂરા થતાં પગે વિહાર થઈ શકે તેમ હોય તો ચોથી પડવે આવતાં અવશ્ય વિહાર કરવો.

* નિશીથ ચૂર્ણિમાં લખ્યું છે કે જે વર્ષાકાળ યોગ્ય ક્ષેત્રમાં આષાઢી પૂનમે ચોમાસું પડિકમીને પાછું કાર્તિકી પૂનમે પણ પડિકમીને પડવાના દિવસે બીજે ક્ષેત્રે જઈ પારણું કરવું.

* નિશીથ ચૂર્ણિમા જ લખ્યું છે કે આષાઢી પૂનમે ચોમાસું પડીકમી યોગ્ય ક્ષેત્રમાં ચોમાસું રહે અને કાર્તિકી પૂનમે ચોમાસું પડિકમી પડવાના બીજે સ્થળે પારણું કરે.

* નિશીથ ચૂર્ણિમાં જ કહ્યું છે કે વર્ષાકાળ એક ક્ષેત્ર રહેતાં કાર્તિક ચોમાસાની પડવાના દિને અવશ્ય વિહાર કરવો.

* નિશીથ ચૂર્ણિમાં એમ પણ કહ્યું છે કે જે વર્ષાક્ષેત્રમાં ચાર માસ નિર્વિઘ્નપણે રહી કાર્તિક ચોમાસું પડિકમી માગશરના પડવાના દિને વિહાર કરવો તેમ ન કરે તો પ્રાયશ્ચિત આવે.

* કલ્પભાષ્યની સામાન્ય અને વિશેષચૂર્ણિમાં પણ આ બાબત સ્પષ્ટ કહી છે. સામાન્ય ચૂર્ણિમાં સિત્તેર દિવસ જઘન્યપદે મુનિનો સ્થિરવાસ જણાવ્યો એનો ખુલાસો (ઉદ્દેશ-૩-ગાથા-૫) એમ લખ્યું છે કે પચાસ દહાડે પર્યુષણ કરી કાર્તિક પૂનમે પડિકમી બીજે દિવસે વિહાર કરતાં સિત્તેર દિવસ થાય ચે.

* વિશેષ ચૂર્ણિમાં વધુ ખુલાસો કર્યો છે જે પચાસ દહાડા હિંડતા (દિવસ વિહાર કરતાં) રહી મળેલા ક્ષેત્રમાં ભાદરવા સુદિ પાંચમે


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શાંતીલાલ શાહ - 99678 41792

**સોનલ આર્ટ**

**પારસી વર્ક, કસબ, બટ કસબ, જીક કસબની સાડીઓ તથા ચણિયા ચોળી બનાવી આપવામાં આવશે.**

'શીવમ', D-૨૦૧, રઘુનાથ નગર, વાઘલે એસ્ટેટ રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા - ૪૦૦ ૬૦૪.

પજોસણ કરી કાર્તિકી પૂનમે પડિકમીને બીજે દિવસે વિહાર કરતાં સિત્તેર દહાડા થાય.

* કલ્પભાષ્ય ત્રીજા ઉદ્દેશની સાતમી ગાથાની વ્યાખ્યામાં સામાન્ય ચૂર્ણિમાં એમ લખ્યું છે કે ''જો પગે વિહાર થઈ શકે તેમ હોય તો માગસરની પડવેનાજ નીકળવું.'' અને વિશેષ ચૂર્ણિમાં વળી તે સાથ ચાર માસ પૂરા થતાં, એટલું વધુ લખ્યું છે.

* કલ્પભાષ્ય પહેલા ઉદ્દેશની સામાન્ય અને વિશેષ બન્ને ચૂર્ણિમાં લખ્યું છે જે જ્યાં ચોમાસું કર્યુ હોય ત્યાં વ્યાઘાત ન હોય તો ચોમાસું પૂરું થતાં માગસરની પડવેનાજ નીકળવું અને બોહાર હીંડીને (વિહાર કરીને) પારણું કરવું.

ઉપરોક્ત બધી સાક્ષીઓ જોતાં આગમોમાં ચોમાસી પ્રતિક્રમણ પૂનમના જ કહ્યું છે તથા પક્ખી પ્રતિક્રમણ પૂનમ અને અમાવાસ્યાના જ કહેલું છે એમ પુરવાર થાય છે. જે ગચ્છ આગમ માન્ય સમાચારીનો આરાધક હોય એને ચોમાસી પ્રતિક્રમણ પૂનમના અને પક્ખી પ્રતિક્રમણ પૂનમ-અમાવાસ્યાના જ કરવું પડે.

અચલગચ્છ આગમ માન્ય સમાચારીને સ્વીકારનાર હોવાથી એવં સુધર્માસ્વામીની પરંપરાને માન્ય કરનાર હોવાથી તે પૂનમના ચાતુર્માસિક અને પૂનમ અમાવાસ્યાના પક્ખી પ્રતિક્રમણ કરે એમાં કશુંજ ખોટું નથી. એમજ હોવું જોઈએ અને છે. (ક્રમશઃ)


# HIREN COMPUTERS



**HIREN JAVERKANT MOTTA**

**Computer - Laptop - Hardware Repairing, Software Installing, Networking, Problem Solutions, Virus Removal. All over India TATKAL MONEY TRANSFER**

Contact : **96199 71212, 88981 51533**
Email Id : **hiren75@hotmail.com**
Dada : **Ratanshi Ghelabhai Motta**
Ghatkopar (W) - Kutch - Naliya
Nana : **Mulji Tokershi Momaya** - Varadia
Parents : **Pushpa Javerkant Motta**
**98339 34281, 93214 26163**

**Service available on Sunday also.**


## કન્યા સિંહનાદ સંસ્કાર શિબીર

ભારતની લીલીછમ ધરતીની બાલિકાઓ જોગેશ્વરીના હૃદયસમ્રાટ મનોવંછિત શ્રી મલ્લિનાથ પ્રભુની પરમ તારક છત્રછાયામાં ચાર્તુમાસે બિરાજમાન પ.પૂ.સા.શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા પાંચની પાવન નિશ્રામાં ગગનચૂંબી શ્રી મામણીયા નંદુ અચલગચ્છ ભવન મધ્યે ગરવા ગિરિરાજની યાદ અપાવે એવા હિલ સ્ટેશનની શુદ્ધ હવા અને મીઠું પાણી, પ્રદુષણ અને મચ્છરના ઉપદ્રવથી રહિત રહેવાની સુંદર સુવિધા, ભોજનની વિવિધ આઈટમો તથા ભજનમાં ભક્તિરસ છૂટથી પીરસાશે.

સાથે નિત નવી સ્પર્ધાઓ અને ઈનામોથી દિલખુશ રહેશે. રખે ચૂકતા સંસ્કારોના ચણતરનું બેલેન્સ જળવવું હોય તો ચાલો, માતા-પિતાઓ આપની બાલિકાઓને સતિ સોનલ અને સીતા બનાવવા સંસ્કરણની દુનિયામાં એક વખત જરૂર પ્રવેશ અપાવો.

ઉદાર આયોજકો અને ભક્તિવંત જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ ઉ. ૮ થી ૩૦ વર્ષની બાલિકાઓને આવકારવા સહર્ષ સજ્જ છે.

મોઢું હસતું રાખો, હાથમાં બેગ પકડાવી, તા. ૧૩ નવેમ્બર થી ૧૯ નવેમ્બર પાંચ દિવસ માટે બાલિકાઓને વહાલી વિદાય આપો, આપની લાડલી આપની જ છે.

**સલામ ! વીર વીરાંગનાઓના વીર મા-બાપો**
**ફોન ઉપાડી નામ નોંધાવો...**

**ફોન : 28240300**
**પ્રિતિબેન : 98700 88939, 98700 61749**

---

**ભેરપો ભેરપો ભેરપો**

ટ્રી...ન ટ્રી...ન

Hello ! Hello ! Sweety, how are you ? sweety તોકે ખબર આય પાંજા મણીજા લોકલાડીલા એળા નરેન્દ્રભા નંદુ જે ગામમેં એટલે કે જોગેશ્વરી અચલગચ્છ ભવનમેં પૂ. અનંત કિરણાશ્રી મ.સા.જી નિશ્રામેં ૮ થી ૩૦ વરેજી કચ્છી દશા ઓશવાલ અને કચ્છી વિશા ઓશવાલજી મણી નીયાણીએંજો ભેગો ભરપો આય ને ઓન ભેરપેમેં તા ગચ્ચ જાણે જો ને નેરે જો આય...

કર્મજી ગીલોડી આય, સંસ્કારજી સરવાણી થીંધી ને જિનવાણીથી ભરાંધી. પાંજે જીવનજી બકેટ ને હજી ત બ્યો ઘણે આય હુ ત વનબો તેર નેરેલા મલધો તાં ૧૩ નવેમ્બર થી ૧૯ નવેમ્બર ઓન ભેરપેમેં જ વને વારી અંઈયા... ખાલી પંજ ડીંયે જો જ ત હી ભેરપો આય ત કોરો તું હલનીંયે ? હલ જ, બોરી જ મજા અચીંધી. જો હા, ત તેળો મુકે ચોજ... ને તોજી બઈ બેનપણીએં કે પણ પોછી ગન જ. ત પાં સવારે જ નાલા લખાઈ ડીબો, નકાં ફુલ થઈ વનધો ત, પાં રહી વનબો ને પોય પસ્તાઈબો...

**ફોન : 28240300**
**પ્રિતિબેન : 98700 88939, 98700 61749**

## સુથરી હજીપણ સોનથરી છે.

સુથરી ગામ અંગેનું ચર્ચાપત્ર વાંચીને દુઃખ થયું. આજે સંસ્થા ચલાવવી ખાવાના ખેલ નથી. જે દરેક વ્યક્તિ સંસ્થામાં હોદ્દો ધરાવી કામ કરતા હોય છે તેઓ પોતાના અંગત કામકાજ જીવન, તથા સાંસારિક કામો છોડીને સંસ્થા માટે યોગદાન આપે છે.

મારી ભૂલ ન થતી હોય તો એક જમાનામાં સુથરીના આજુબાજુના ગામોમાં જો આપણે દર્શન કરવા ગયા હોય અને જો જમવાનું ટાણું થાય તો તેઓ કહેતા બાજુમાં જ સુથરી ગામ છે, ત્યાં જાવ ભોજનશાળા ચાલુ જ છે. આપને ત્યાં જરૂર જમવાનું મળશે. તો તમે વિચાર કરો કે જ્યારે તમે ઓચીંતા જમવા જાવ છો તો પણ તમે ભરપેટ જમીને આવો છો, એની પાછળ પણ સંસ્થાની મહેનત કામ કરે છે.




દરેક ગામની જેમ સુથરીમાં પણ માણસો(કર્મચારી)ની તકલીફ છે. લોકો કામ કરવા તૈયાર નથી. પરંતુ જો તમે તેમની સાથે બેસીને ગપ્પા મારવા હોય તો તેમની પાસે આખો દિવસ છે. નહીં તો કહેશે કે ટાઈમ જ નથી.

આમ છતાં હજી પણ સુથરી તીર્થ ભોજનશાળા અને અતિથિ ગૃહના સંચાલન ઘણી જ વ્યવસ્થિત રીતે અને યાત્રાળુઓની આદર સાથે સગવડ સાચવવાની ભાવનાથી સારી રીતે થઈ રહ્યા છે. બાકી તો દરેક સંસ્થામાં કોઈ તનથી કરે, કોઈ મનથી કરે અને કોઈ ધનથી સેવા કરે ત્યારે જ આ સંસ્થાઓ ચાલે છે. અને દરેક દરેકને જે આ સંસ્થાઓ સંભાળે છે તેની કદર કરવી જોઈએ.

- **કિરણબેન જવેરચંદ નાગડા** - વડાલા (સુથરી)

## કચ્છી દશા અને કચ્છી વિસા ઓસવાલ જૈન

કચ્છી જૈનોમાં 'દશા' અને 'વિસા'એ બે મુખ્ય જ્ઞાતિઓ છે. દશા જ્ઞાતિમાંથી વિધવા પુર્નલગ્નને કારણે અલગ થયેલી શ્રી ક.દ.ઓ. જૈન (નાની ન્યાત)ને નામે ઓળખાતી એક પેટા જ્ઞાતિ પણ હતી. આજથી લગભગ આઠેક વર્ષ પહેલાં બંને જ્ઞાતિઓ સંયુક્તપણે જોડાઈને એક જ્ઞાતિ થઈ ગઈ હતી.

(ભૂ.પૂ.) નાની ન્યાતના સભ્યોને દશા જ્ઞાતિ હસ્તકના દેરાસરોમાં ધાર્મિક વિધિઓની છૂટ મળે એ માટે આ પત્રલેખકે પાંત્રીસ વરસ સુધી ઝુંબેશ ચલાવી હતી.

લેખક મૂળે (ભૂ.પૂ.) નાની ન્યાતના સભ્ય છે અને તેમણે વિસા જ્ઞાતિની એક હોસ્ટેલમાં (છ વર્ષ સુધી) રહીને એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. 'મુંબઈ સમાચાર' (વાચકની કલમે)માં મારા બે લેખ પ્રસિદ્ધ થયા હતા. તે પછી બંને જ્ઞાતિઓને (દશા એને નાની ન્યાત) એક કરવાની ઝુંબેશે જોર પકડ્યું હતું આજથી ૨૦૦ વર્ષ પહેલાં કચ્છી મહેશ્વરી (કે માહેશ્વરી) તરીકે ઓળખાતી એક હિન્દુ (કરાડ) જ્ઞાતિના ૬૫ થી ૭૦ કુટુંબો દશા જ્ઞાતિમાં જોડાયા હતા.

દશા જ્ઞાતિ મુખ્યત્વે કચ્છના અબડાસા તાલુકામાં રહે છે. વિસા જ્ઞાતિ મુખ્યત્વે માંડવી અને મુંદ્રા તાલુકામાં રહે છે. વાગડ કચ્છી ઓસવાલમાં સ્થાનકવાસીઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. દશા જ્ઞાતિ સંપૂર્ણપણે દેરાવાસી છે, જ્યારે વિસા જ્ઞાતિમાં દેરાવાસીની સાથે સાથે સ્થાનકવાસી સમુદાયની સંખ્યા પણ નોંધપાત્ર પ્રમાણમાં છે. બંને જ્ઞાતિઓના સામાજિક તેમ જ ધાર્મિક રિતિરિવાજોમાં ખાસ કોઈ ફરક નથી. બંને જ્ઞાતિઓમાં અમુક અટકો સામાન્ય છે. જેમ કે, છેડા, નાગડા, વોરા, મોતા, પોલડિયા, ગોસર, સાયલા (વી.ઓ.માં સાવલા), ચુરલા (વી.ઓ.માં જૂજ કુટુંબો), સોની વગેરે ગુડકા, ગડા, ગાલા અને બોરીચા અટક ધરાવનાર બહુ જૂજ કુટુંબો દશા જ્ઞાતિમાં છે.

બંને જ્ઞાતિઓમાં સમાન અટક ધરાવનાર પરિવારોની કુળદેવી પણ એક જ છે. જેમ કે, 'છેડા'અટક ધરાવનાર બંને જ્ઞાતિઓના કુટુંબોની કુળદેવી અંબે મા છે. બંને જ્ઞાતિઓના 'ગોસર' કુટુંબોની કુળદેવી એક જ છે. અન્ય અટકો વિશે પણ આવો અભિપ્રાય બાંધી શકાય. જો કુળદેવી એક જ હોય તો બંને જ્ઞાતિઓમાં એક જ અટક ધરાવનાર કુટુંબોની વડો (સ્થાપક) પણ એક જ હોવો જોઈએ એવું ચોક્કસપણે કહી શકાય. આમ બંને જ્ઞાતિઓ મૂળે એક જ હતી.

વસ્તુપાળ અને તેજપાળના સમયમાં જૈનોમાં દશા અને વિસા એવા બે ભેદ અસ્તિત્વમાં આવ્યા. જેમણે વિધવા વિવાહનો ચુસ્તપણે વિરોધ કર્યો તેઓ 'વિસા' કહેવાયા અને જેમણે વિધવા પુનર્લગ્નની પ્રથા અપનાવી તેઓ 'દશા' કહેવાયા એવો જાણકારોનો મત છે. દશા અને વિસાના ભેદભાવો કાળક્રમે ઓછા થાય, મટી જાય એવું આપણે ઈચ્છીએ.

- **શામજી પદમશી છેડા** - ગાંધીધામ


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

RAJSHREE YOGA & FAT FREE ZONE®

Weight Management & Yoga Center

Since 1994

## રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૨ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ....

### પ્રોગ્રામ ઉપલબ્ધ

- વજન મેનેજ કરવું
- વજન મેઈનટેઈન કરવું
- બોડી શેપિંગ, ટોનિંગ અને સાઈઝ ઘટાડવી
- એન્ટિ એજીંગ (હમેશાં યુવાન રહેવું)
- ડાયાબિટીસ
- અસ્થમા અને એલર્જી
- કોલેસ્ટ્રોલ અને બ્લડ પ્રેસર
- માઈગ્રેઈન
- થાઈરોઈડ
- ગેસ, એસીડીટી અને કબજીયાત
- ઘૂંટણ, મણકાની અને સાંધાનો દુખાવો
- અશક્તિ અને થાક લાગવો
- ચામડીની બિમારીઓ

### બાળકો માટે ખાસ

- ઉંચાઈ વધારવી
- શરીરનો આકાર સુધારવો
- એકાગ્રતા અને આત્મવિશ્વાસનો અભાવ
- બાળકો તથા માતાપિતાનું કાઉન્સેલિંગ
- પથારીમાં પેશાબ કરવો
- યાદ શક્તિની તકલીફો
- પોતાની સંભાળ તથા સલામતીની ટ્રેનીંગ

### સ્ત્રીઓ માટે ખાસ

- પ્રેગનેન્સી પછી વજન ઘટાડવું
- પ્રેગનેન્સી માટેના યોગા
- સ્કીન ટાઈટ અને ગ્લો માટે
- માસિક અને હોર્મોન્સ ની તકલીફો
- મેનોપોઝ

### વયસ્કો માટે ખાસ

- અશક્તિ, થાક અને મુંઝવણ
- સાંધાનું અકડાવું અને દુખાવો
- ઘુંટણ, પીઠ અને શરીરનું દુખવું
- પેશાબ સબંધિત તકલીફો
- ઉંઘ સબંધિત તકલીફો

### માનસિક સ્વાસ્થ્ય માટે

- અશક્તિ, થાક અને મુંઝવણ
- ડર, તાણ, ડિપ્રેસન
- સ્ટ્રેસ મેનેજમેન્ટ
- એંગર (ગુસ્સો) મેનેજમેન્ટ
- કાઉન્સેલિંગ
- મોટીવેશનલ પ્રોગ્રામ

### અમે આપીએ છીએ

- ફિટનેસ યોગા
- હીલીંગ યોગા
- યોગા થેરેપી
- મસલ્સ બનાવવા
- વ્યાયામ
- પ્રાણાયામ
- ડાયેટ અને ન્યુટ્રીશન
- બિમારીનું મેનેજમેન્ટ
- લાઇફ સ્ટાઇલ કરેકશન
- સુ જોક એક્યુપ્રેસર
- એક્યુપંકચર
- સ્માઇલ મેડીટેશન
- કલર અને સીડ થેરેપી
- મેગ્નેટ થેરેપી

Ph:- 93233 33303, 93218 99909, 24104142

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,

ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલીમાં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

Web Site : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com



જન્મતારીખ ૧૧/૮/૧૯૪૬ દલતુંગી અરીહંત શરણ ૦૩/૧૧/૨૦૧૪

# શ્રધ્ધાજંલિ

## શીવ મસ્તુ સર્વ જગત

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતીના ગૌરવસમા

## નગરશેઠ શ્રી જયંતીલાલ કેશવજી નાયાભાઈ માલદે (પટેલ)

## પરિવારનાં ટુકમાં પરિચય

દલતુંગી ગામે શ્રી કેશવજી નાયાભાઈ માલદે પટેલ બાપા તરીકે ઓળખ ધરાવતા હતા. જેમણે ક.દ.ઓ. જૈન દેરાસરના બંધારણના મુખ્ય ઘડવૈયા હતા. હાલાર માં વિધવા પુન:વિવાહ માં મુખ્ય ભુમિકા ભજવનાર પ્રથમ વ્યક્તી હતા. ગૌશાળા માટે ઘાસ ચારાની સુ-વ્યવસ્થા કરવામાં હંમેશા તત્પર રહેતા હતા. સ્વ. કેશવજી બાપાના સુપુત્ર શ્રી જયંતિભાઈ પિતાશ્રીના પગલે નાનપણથી સેવાકીય પ્રવૃતિમાં રસ લેતા થયા. ગૌશાળા હોય, ગામના કોઈપણ કાર્ય હોય, જ્ઞાતિના કોઈપણ કાર્ય હોય તેમા તેઓ અગ્રેસર રહેતા હતા. નાનપણથી જ સ્વબળે વેપાર ક્ષેત્રે ઝંપલાવ્યું. દલતુંગી ગામના નગરશેઠ તરીકે નું ઉપનામ મેળવ્યું હતું. ગામના કોઈપણ સામાજીક કાર્ય હોય કે આર્થિકરીતે પણ સહાય કરવામાં તેઓ આગળ રહેતા હતા. ગામના કોઈપણ સમાજમાં હંમેશા ખડેપગે રહેતા હતા. દલતુંગી ગામના જૈન દેરાસરમાં પ્રથમ – ચોમાસુમાં સાધ્વી શ્રી દિવ્યગુણાશ્રી મ.સા. તથા કોટીગુણાશ્રી મ.સા. ના ચોમાસા માં અગ્રેસર ભાગ લેનારા વ્યક્તી હતા. તે વખતે દેરાસર માં કલરકામમાં તેમજ સર્વે રીપેર કામ તેમજ દલતુંગી ગામના નવ-નિર્માણ ઉપાશ્રયમાં સતત બે વર્ષ સુધી ખડેપગે સેવા આપેલ.

ડાઘા-માલદે-ખેરાણી પરીવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીના મંદિરનું સંપુર્ણ બાંધકામ પોતાની દેખરેખ હેથળ પાર પાડેલ. તથા પ્રાણ-પ્રતિષ્ઠાની ઉજવણીમાં અગ્રેસર ભાગ ભજવેલ. દલતુંગી-ગામમાં દાતાશ્રીના સહયોગથી પાણીનું પરબ તથા-ચબુતરાનું સંપુર્ણ બાંધકામ પોતાની દેખરેખ હેથળ બંધાવ્યું. તેમને ધાર્મિક પ્રવૃતિમાં ખુબજ રસ હતો. પગપાળા જુનાગઢની યાત્રા કરેલ. તેમજ ઘણી વખત પાલીતાણાની પણ યાત્રા કરેલ અને સંમેતશીખરની સજોડે યાત્રા કરેલ. નાયા-દેવશી પરીવારનું કોઈપણ પ્રસંગમાં તેમની અચુક હાજરી હોય. ૨૪ વર્ષની ઉમર માં જ પિતાશ્રીની (પટેલબાપા) છત્રછાયા ગુમાવી પોતાના ત્રણ નાના ભાઈ ઓ તથા પાંચ બહેનોની સંપુર્ણ જવાબદારી સંભાળી. પોતાના બંને દિકરા તથા એક દિકરી ને વ્યવસ્થિત જીંદગી આપી. પોતાના રમુજી સ્વભાવાથી ગામના દરેક વ્યક્તિને હસાવતા તથા ગામની કોઈપણ જ્ઞાતિના પ્રસંગમાં પોતાની અચુક રાહબરી હતી. શ્રી દલતુંગી સેવા સમીતી રજીસ્ટ્રેડ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપેલ. ૧૯૮૬-૮૭ માં ભયંકર દુષ્કાળ માં આખા ગામના પશુ નિભાવ માટે બનાવેલ કેમ્પમાં સતત ધ્યાન અને સેવા આપેલ તેમજ કેટલ કેમ્પ ચાલુ હતો ત્યા સુધી તેમણે ખડે પગે સેવા આપેલ. ગામમાં થયેલ નેત્રયજ્ઞ મા સતત ધ્યાન અને સેવા આપેલ. આવા કેટલાય સામાજિક કાર્યોમાં અગ્રેસર હતા.

દલતુંગી ગામે અબોલ પશુ પક્ષીના લાભાર્થે લોકડાયરામાં તેઓએ સહયોગી પરીવાર તેમજ તેમની રાહબરી હતી. જેમાં પશુપક્ષીમાટે માતબર રકમ ૫.૮૦ હજાર જેવી રકમ જમા થઈ હતી. આપે પરોપકારી તથા દાનવીર હૃદયથી અનેક સેવાકાર્યો મુક અને નિ:સ્પૃહ ભાવે કર્યા છે અને એટલેજ આપ સૌરાષ્ટ્ર ભારતનાં 'ભામાશા' કહેવાયા આપની સમાજ સેવા પરોપકાર વૃતી અને આત્મીય ભાવના જેવા ગુણો સદા અમારા ગામને તથા સમાજને દરેક વ્યક્તી તમને ગૌરવપુર્વક હર હમેશ યાદ કરતા રહેશે.

**''મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે**
**મૃત્યુ પામે છે માનવી પોતે પણ માનવીનું કામ જીવે છે.''**

**લિ.**

શ્રી અજીતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ-દલતુંગી
શ્રી ડાઘા માલદે યુવા મીત્ર મંડળ, દલતુંગી, મુંબઈ
શ્રી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ, મુંબઈ
શ્રી દિલાસા યુથ ફેસ્ટીવલ પરિવાર, ડોંબિવલી
શ્રી નાયાભાઈ દેવશી ખેરાણી માલદે સમસ્ત પરિવાર
માતુશ્રી રંજનબેન જયંતીલાલ માલદે સમસ્ત પરિવાર

શ્રી ડાઘા માલદે ખેરાણી પરિવાર-દલતુંગી
શ્રી સમસ્ત ગુજરાતી સમાજ, ડોંબીવલી
શ્રી સ્વસ્તીક ગ્રુપ, ડોંબિવલી
શ્રી સમસ્ત દલતુંગી ગામ
શ્રી વિપુલ ઠાકરશી પટેલ શ્રી શાંતીજીન જૈન જાગૃતી ગ્રુપ
શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા શ્રી શાંતીજીન જૈન જાગૃતી ગ્રુપ




|| શ્રી અજિતનાથાય નમઃ ||

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

રજી નં. એ-૭૫-જામનગર

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.


પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો,

જય જિનેન્દ્ર,

આપ સર્વેને જણાવતા હર્ષ થાય છે કે મહાજનવાડીના કામની શુભ-શરૂઆત થઈ ગયેલ છે. **તા. ૧૪-૧૦-૨૦૧૫** ના શુભમુર્હુતે સવારે ૧૧.૦૦ કલાકે વિધિસર પૂજા કરી મહાજનવાડીના પાયાનું કામ ચાલુ કરેલ છે.

વડીલ ટ્રસ્ટી **શ્રી શામજીભાઈ શિયાળ**, ટ્રસ્ટી **શ્રી ઉત્તમભાઈ માલદે**, વડીલ **શ્રી ગોવિંદજીભાઈ લાપસીયા**, **શ્રી ચંદુભાઈ માલદે**, **શ્રી કાંતીભાઈ લોડાયા**, યુવા કાર્યકર **શ્રી અલ્પેશભાઈ લાપસીયા**, પુજારી **શ્રી કિશોરભાઈ** તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં શુભ શરુઆત થયેલ છે.

આપ સર્વેની જાણ ખાતર ગ્રાઊન્ડ ફ્લોર, ૧ લો માળ તથા ટોપ ફ્લોરનું લેઆઉટ ઉપર મુજબ રહેશે.

અત્યાર સુધી સીમેંટ, લોખંડ, ઇંટો, કોંક્રીટ, રેતી વગેરે લેવાઈ ગયેલ છે. જેનુ ચુકતે પેમેન્ટ થઈ ગયેલ છે. આશા છે સૌ ગામવાસીના સાથ સહકારથી દિવાળી સુધી સારી એવી પ્રગતી થઈ જાશે.

મહાજનવાડીના શુભ સમાચાર સાંભળી, ઉપ પ્રમુખ શ્રી વનરાજભાઈ માલદે, ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ લાપસીયા, ટ્રસ્ટી શ્રી કમલેશભાઈ લાપસીયા, ટ્રસ્ટી શ્રી પંકજભાઈ માલદે, વડીલશ્રી મણીલાલભાઈ ડાઘા, શ્રી નરેન્દ્રભાઈ શિયાળ, શ્રી હિરાચંદભાઈ લાપસીયા, શ્રી બિપિનભાઈ શિયાળ, શ્રી અરવિંદભાઈ લોડાયા, શ્રી કિરીટભાઈ લોડાયા, શ્રી પરેશભાઈ માલદે, શ્રી નરેન્દ્રભાઈ લાપસીયા વગેરે ભાઈઓએ આશિર્વચનની ઝડી વરસાવી શુભકામના પાઠવેલ છે.

આ સિવાય ફરતે બાંઉડ્રી વોલ જેની ઉંચાઈ ૧૩ ફુટ, અંદાજે ૧૦,૦૦૦ લીટરની પાણીની ટાંકી, એક મીટર/સ્ટોર રુમ, પાણીનો બોર વગેરે તૈયાર થઈ ગયેલ છે. શ્રી અજીતનાથ દાદાની અસિમ કૃપાથી લગભગ પાંચ વર્ષથી આખુ ગામ પાણીનો લાભ લઈ રહેલ છે, તથા આજ દિવસ સુધી પાણી ઓછું થયેલ નથી. જે શ્રી અજીતનાથ દાદાની અસીમ કૃપા સૌ ગામવાસીઓ ઉપર છે અને સદાય રહેશે.

આપણા શ્રી અજીતનાથ દેરાસરજીને પણ રંગરોગાન કરી નવો ઓપ આપવામાં આવેલ છે, ઉપાશ્રય, ગુરુમંદિર, બંને રૂમો તથા આખા પરિસરને રંગરોગાન કરી સજાવેલ છે. આખા પરિસરને નવી ઝગમગતી લાઈટો, કન્સીલ્ડ વાયરીંગ તથા સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવેલ છે. ખરેખર આપણુ આ તીર્થ જોવા લાયક થઈ ગયેલ છે.

આ સિવાય સર્વ સાધારણ ખાતા માટે રૂા. ૩૦૦૦/- ની ટહેલ કરતા ખુબજ સારો પ્રતિસાદ ગામવાસીઓએ આપેલ છે. અત્યારસુધી લગભગ ૪૨ નામ આવી ગયેલ છે, ખુબ ખુબ ધન્યવાદ. હજી જરૂરિયાત હોય, નામ નોંધાવી લાભ લેવા વિનંતી. જેથી દેરાસરજીને લગતા સુધારા - વધારાનું કામ કરી શકાય.

ફરી ફરી સર્વે ગામવાસી ભાઈ-બહેનોને અભિનંદન. આશા છે આપ સર્વે ગામવાસી ભાઈઓના સાથ સહકારથી મહાજનવાડીનું કામ વહેલાસર પુર્ણ કરી શકીશું.

લિ. ટ્રસ્ટવતી

**પ્રવિણ જેઠાલાલ લાપસીયા**
09821092767
પ્રમુખ

**વનરાજ દામજી માલદે**
098194 61510
ઉપપ્રમુખ

**દિલિપ ડુંગરશી લાપસીયા**
092144 26142
ટ્રસ્ટી

**પંકજ હિરજી માલદે**
072081 56691
ટ્રસ્ટી

**કમલેશ વિશનજી લાપસીયા**
09820668469
ટ્રસ્ટી

**શામજીભાઈ પેથરાજ શિયાળ**
07567140940
ટ્રસ્ટી

**ઉત્તમભાઈ શામજી માલદે**
07874051416
ટ્રસ્ટી

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

## દલતુંગી ખાતે આધુનિક મહાજનવાડીનું નિર્માણ થનાર છે એની પ્રતિકૃતી તથા પ્લાન લેઆઉટ

















Ground Floor Plan



First Floor Plan



Top Floor Plan

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

## શ્રી અજિતનાથ દેરાસરજીને રંગરોગાન કર્યા પછીની તસ્વીરો













વડીલ ટ્રસ્ટી શ્રી શામજીભાઈ શિયાળ પૂજા વિધી કરતા



ખાત મુહુર્ત દરમ્યાન હાજર ગામવાસી સાથે
ટ્રસ્ટી શ્રી ઉત્તમભાઈ માલદે તથા આમંત્રિત મહેમાનો





ખાત મુહુર્ત કરતા વડીલ શ્રી કાંતીભાઈ લોડાયા સાથે
પૂજા વિધી કરાવતા પુજારી શ્રી કમલેશભાઈ





મહાજનવાડીના બાંધકામની બોલતી તસ્વીરો

# હાર્દિક અભિનંદન



## સોનાવાલા તથા મોમાયા પરિવારનું ગૌરવ

અ.સૌ. હર્ષિતા ભાવિન સોનાવાલા (નલીયા-માટુંગા) એ Master in Fine Arts (M.F.A.) ની Degree Jawaharlal Nehru Technological University Hyderabad થી હાંસલ કરેલ છે.



SHRI KUTCHI MITRA MANDAL

Kutchi Bhavan, 3-5-142, Ramkote, Eden, Hyderabad-500 001.

Tel.: 040-2475 2383, 6594 2383

Certificate of Appreciation

In honour of outstanding performance, we hereby present Mr. / Ms Harshita Manikant Momaya with this certificate of recognition for attaining 74.12% in MFA during the academic year 2014-15.

Awarded on the 11th of October 2015 at Hyderabad.

Shri Susheel D. Kapadia, President — Shri Premchand K. Chheda, Secretary — Smt. Vasanti A. Shah

તે માટે 'કચ્છી મિત્ર મંડળ શિક્ષણ સમિતિ હૈદ્રાબાદ તરફથી તેમને ગોલ્ડ મેડલ એનાયત થયેલ છે.

**અ.સૌ. હર્ષિતા ભાવિન સોનાવાલા**

(નલીયા-માટુંગા)



**જોઈ તારી સફળતા અનેરી, મન અમારું હરખાય છે....**

**સદા રહે ઉજ્જવલ તમારું ભવિષ્ય, એવા અંતરના આશિષ !**

❊ શુભાશિષ ❊

**શ્રીમતી હર્ષા તથા શ્રી રીતેન પ્રેમચંદ સોનાવાલા પરિવાર**

**શ્રીમતી લતાબેન તથા શ્રી મણિકાંતભાઈ મેઘજી મોમાયા પરિવાર**

**સમસ્ત ખોના અને મૈશેરી પરિવાર**

## મૈશેરી તથા ખોના પરિવારનું ગૌરવ



ચિ. જીનેન STD. XII CBSE Board માં 94% સાથે ઉર્તીણ થઈ Medical Entrance Exam માં 82% મેળવી GMERS Medical College માં MBBS માં Merit Seat પર પ્રવેશ મેળવેલ છે.

**જીવનમાં દરેક ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરે એવા અંતરના આશિષ...**



**ચિ. જીનેન જ્યોતી વિપુલ મૈશેરી**

ગામ : સાંધાણ - આદીપુર

❊ શુભાશિષ ❊

દાદા - દાદી : **અ.સૌ. ચંદનબેન કિશોરભાઈ મૈશેરી પરિવાર** (ગામ - સાંધાણ)

નાના - નાની : **માતુશ્રી કાન્તાબેન આણંદજીભાઈ ખોના પરિવાર** (ગામ - સાંધવ)

## આરોગ્ય પ્રકાશ : દોડવું અને બીજી કસરતો - ભાગ ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 9757303562 / 7069621931

ઘૂંટણના સંધીવાતમાં રાહત થાય એ માટેની કસરતો આ પહેલા પ્રકાશ-સમીક્ષા અંક નં. ૪૨ તા. ૧૧ થી ૧૭ ઓક્ટો. ૧૦૧૪માં મારા લેખ ''સાંધામાં સોજો આર્થાઈટીસ-૨''માં આપેલ છે.

**ફ્રોઝન સોલ્ડર :** ડાયાબિટીઝ પેશન્ટને અથવા હાથમાં ફ્રેક્ચર થયું હોય અને ઑપરેશન કે પ્લાસ્ટર પછી ફ્રેક્ચરની સંભાળમાં ખભાથી વધુ હલનચલન ન થાય તો ઘણાને ફ્રોઝન સોલ્ડર થાય છે, ખભો જામ થાય છે, ખભામાં દુઃખાવો થાય છે, હલન ચલન મર્યાદિત થઈ જાય છે.

આ તકલીફમાં કસરત ખૂબ જ મહત્વની છે. (૧) દિવાલ પાસે મોઢું કરી ઊભા રહી હાથ સીધો રાખી આંગળીઓ દિવાલને અડે એમ રાખી પછી આંગળીઓ દિવાલ પર ઉપર તરફ ચલાવવી અને સાથે જાતે દિવાલ તરફ થતા જવું, આમ શરીર દિવાલને સ્પર્શે અને હાથ એકદમ ઉપર સીધો થાય પછી દિવાલપર આંગળીઓને નીચે તરફ ચલાવતા દિવાલથી દૂર થતા જવું. આમ ૧૦-૧૫ વખત સવાર-સાંજ કરવું. (આ પછીની દરેક કસરત આમ જ ૧૦-૧૫ વખત સવાર-સાંજ કરવી.)

(૨) જે ખભાની તકલીફ હોય એના આગળના ભાગ પર બીજી હથેળી રાખી પાછળ દબાવવી અને ખભાને જાતે આગળ ધકેલવું. (૩) એવી જ રીતે હથેળી તકલીફવાળા હાથની કોણી પર બાજુના ભાગ પર રાખી હથેળીથી અંદરની બાજુ (શરીર તરફ) દબાવવુ અને કોણીને બહારની બાજુ ધકેલવી. (૪) હાથને આગળ પાછળ લેફ્ટ-રાઈટ કરતાં હોઈએ એમ કરવું. હાથ જેટલો વધુ પાછળ જાય તેટલી કોશીષ કરવી. (૫) હાથને શરીરની સાઈડમાં જ રાખી હથેળીને ગોલાકાર ક્લોકવાઈઝ અને એન્ટીક્લોકવાઈઝ હલાવવું. (ખભાને કસરત મળે એમ ગોળાકાર મોટો રાખવો.) (૬) સ્કૂલના પી.ટી.ના દાવની જેમ પહેલા હાથને સામે તરફ અને પછી ઉપર તરફ લઈ જવો. એમ જ બાજુમાં હાથ ખોલ્યા પછી ઉપર લઈ જવો. (૭) એ જ રીતે સારા હાથની આંગળીઓની મદદથી (બંને હાથના આંગળા જોડીને) તકલીફવાળા હાથને જેટલું થાય એટલું ઉપર તરફ ખેંચાણ આપવું. (૮) બંને હાથની આંગળી ક્રોસ કરી બંને હાથ ગરદન પાછળ મૂકી કોણી આગળ તરફ લાવી, જોડી પછી પાછળ લઈ જઈ સ્ટ્રેચ કરવું (૯) ખભા પર અંગુઠો મૂકી કોણીને આગળથી પાછળ ક્લોકવાઈઝ અને પછી એન્ટીક્લોકવાઈઝ ફેરવવું. (૧૦) બંને હાથ પાછળ લઈ સારા હાથની હથેળીનો નીચેથી સપોર્ટ લઈ કમરથી પીઠ તરફ બંને હાથ થાય તેટલા ઉપર લઈ જવા. (૧૧) હાથ એમ જ રાખી ડાબી અને જમણી તરફ બંને હાથને લઈ જવા. (૧૨) કમર પર બંને હાથ રાખી ખભાને ગોળાકારમાં ક્લોકવાઈઝ-એન્ટીક્લોકવાઈઝ ફેરવવા, તેમજ ચોરસની જેમ ચાર ખૂણે આગળ, ઉપર, પાછળ, નીચે ફેરવવા. (૧૩) કમરપર હાથ રાખી કોણીથી બંને હાથ આગળ-પાછળ લાવવા. (૧૪) ચતા સુઈ હાથને સીધુ રાખી કાંડા પાસે બીજા કોઈની મદદથી દબાણ આપી હાથને ઉપર તરફ ઉપાડવા કોશીશ કરવી. આજ રીતે આડા સુઈને પણ કરવું.

આવી જ રીતે લાંબી પ્લાસ્ટીક દોરી કે પટ્ટી પગમાં પકડી તકલીફ વાળા હાથથી જેટલું બને એટલું ઉપર-સાઈડમાં ખેચવું. એમ જ હાથને થોડા ખુલ્લા કરી રબર ખેચવી. દોરી સામે દરવાજાના હેંડલ કે કડીમાં અટકાવી હાથમાં દોરી પકડી હાથ સીધો રાખી પોતાની તરફ કોણીથી વાળીને ખેચવું. આમ અલગ અલગ રીતે ખભાના સ્નાયુઓને કસરત મળવાથી ધીરે - ધીરે ફ્રોઝન સોલ્ડર ની તકલીફ ઓછી થતી જશે, દુઃખાવો ઘટશે અને પછી એકદમ સારું થઈ જશે.

**'કેગેલ' અથવા 'પેલ્વીક સ્નાયુઓની કસરત :** ગર્ભવતી સ્ત્રી કે હમણાં જ ડીલીવરી થઈ હોય કે વજન વધુ હોય, ઉમર વધુ હોય કે પેટનું કોઈ ઑપરેશન થયું હોય જેમકે 'સીઝેરીયન સેક્શન' ત્યારે પેલ્વીક એરીયા (પેટનો નીચેનો ભાગ - પેડુ) ના સ્નાયુઓ નબળા થાય છે કે ક્યારેક મન નબળું થાય અને પેશાબ પર કંટ્રોલ નથી રહેતો. આ પરિસ્થિતિ વિકટ હોય છે, ક્ષોભજનક હોય છે, બાથરૂમ સુધી પહોંચતા પહેલા જ પેશાબ કપડામાં જ થઈ જાય.

આ તકલીફવાળાએ કેગલ એક્સરસાઈઝ કરવી જોઈએ. જે સ્ત્રીઓને ગર્ભાશય નીચે સરક્યું હોય તેમના માટે પણ આ કસરત ફાયદાકારક છે.

જમીન પર પીઠ અડાડી ચત્તા સુઈ જાવ, પગને ઘૂંટણથી વાળો, પગનો પંજો જમીનને ટેકેલો રાખો અને પગ આરામદાયક રીતે સહેજ છુટ્ટા રાખો. આપણે પેશાબને રોકવા માટે જે સ્નાયુઓ વાપરીએ એ સ્નાયુઓ 'પેલ્વીક ફલોર' ના સ્નાયુઓ છે. આ સ્નાયુને ટાઈટ કરવાના એટલે કેપેશાબ રોકતા હોઈએ તેમ કરવાનું. જ્યારે આપણે આમ કરીએ ત્યારે આપણને ખ્યાલ


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**

**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

આવશે કે આ પેલ્વીક ફલોરના સ્નાયુઓ આપણી અંદર ઉપર તરફ એંચાય છે. થોડીવાર આમ જ પકડી રાખી અને પછી ઢીલા છોડવા. શરૂમાં અઘરું લાગશે પણ ધીરે ધીરે આ સ્નાયુઓ મજબૂત થશે. આ કસરતની સંખ્યા અને ઝડપ વધારતાં જવું જેથી આ સ્નાયુઓ પર આપણો કાબુ થાય. આ કસરત ઊભા ઊભા કે બેઠા બેઠા પણ કરી શકાય. બાકીનું શરીર-સ્નાયુ ઢીલા રાખવા અને શ્વાસ નિયમિત રીતે જ લેવો. જો આ કસરત કરતાં થાકો તો તાત્પૂર્તી કસરત બંદ કરવી.

જ્યારે ફ્રેક્ચર થયું હોય અને ઑપરેશન કે પ્લાસ્ટ આવ્યું હોય તો એ ભાગને સલાયત રાખી, આજુબાજુના સ્નાયુ-સાંધાની કસરત કરવી – હલાવતાં રહેવું બહુ જરૂરી છે. નહીં તો એ સાંધા-સ્નાયુ જામ થઈ જાય, એમાં તકલીફ થઈ શકે. દા.ત. હાથમાં ફ્રેક્ચર થયું હોય તો આંગળીઓની કસરત, થાપાનું ફ્રેક્ચર હોય તો પગની કસરત – પગને હલાવવું ખૂબ જરૂરી છે.

**સાયકલ ચલાવવી :** હ્રી જોઈન્ટ (થાપા)ના સંધીવાતવાળી વ્યક્તિ સાયકલ ચલાવવાની કસરત કરે તો સાથળ, નિતંબ, ક્વાડ્રીસેપ્સ્ નામના સ્નાયુ મજબૂત થાય અને દુ:ખાવો ઘટે છે. ઘૂંટણના સંધીવાત વાળી વ્યક્તિએ હળવી સાયકલ ચલાવવાથી ફાયદો થાય છે, હૃદય અને તેની નસોના ફાયદા સાથે વજન ઘટે છે, શરૂઆતના સંધીવાતમાં ખૂબજ ફાયદો થાય છે. ઘૂંટણની હલનચલન ક્રિયા વધે છે અને બીજા સાંધાઓના દુ:ખાવામાં પણ ફાયદો થાય છે. ઘરની અંદર કસરત કરવાની સાયકલ પર પણ આ કસરત કરી શકાય. અતિ સાંધા દુ:ખતા હોય કે અતિ સોજા હોય ત્યારે સાંધાને આરામ આપવો.

**તરવું :** તરવાથી સાંધા પર જોર નથી આવતું અને સાંધાઓને કસરત મળે છે તેથી સાંધાના દુ:ખાવા ઓછા થાય છે. સ્ટેમીના વધે છે. તરવાથી ફાયદો એ છે કે તરતી વખતે કસરત થાય પણ સાંધાઓને નુકસાન થવાનો ભય નથી રહેતો.

જમ્યા પછી તરત તરવું નહીં કે કોઈપણ કસરત કરવાની નહિં. તરવાથી સ્નાયુ મજબૂત થાય, સ્નાયુઓને ખેંચાણ અને સાંધાઓને વળવાની કસરત થાય. એરોબીક કસરત પણ થાય. જેમને દમ હોય તેવા બાળકો અને યુવાનોને તરવાથી ફાયદો થાય છે, એમ તાસ્માનીયા – સ્કુલ ઓફ મેડીસીન યુનિવર્સીટીના વૈજ્ઞાનીકોએ સંશોધન કર્યું છે. રૉયલ હોબાર્ટ હોસ્પિટલના બાળકોના અભ્યાસના ડાયરેક્ટર 'સીન બૅન્સે' રીસર્ચમાં મદદ કરી હતી, એમનું કહેવું છે કે તરવાથી શારીરિક અને હૃદય અને તેની નસો અને ફેફસાની ફીટનેસ વધે. ફેફસાની કાર્યશક્તિ વધે છે. તરવાથી શરીરની ગરમી (તજા ગરમી) દૂર થાય છે. ભૂખ સારી લાગે છે. ફીટ જેવી બિમારીવાળાએ તરવાનું ટાળવું.

**(ક્રમશ:)**

---

## આહાર એ જ ઔષધિ

ઘઉં ખાવાથી શરીર ફૂલે, ને જવ ખાવાથી ઝુલે,
મગને ચોખા ના ઝૂલે, તો બુદ્ધિના બારણા ખુલે....
ઘઉંને તો પરદેશી જાણું, જવ છે દેશી ખાણું,
મગની દાળ ને ચોખ મળે તો, લાંબુ જીવી જાણું...
ગાયના ઘીમાં રસોઈ રાંધો. તો શરીરનો મજબૂત બાંધો,
ને તલના તેલની માલીશથી, દુ:ખે નહીં એકેય સાંધો...
ગાયનું ઘી છે પીળું સોનું, ને મલાઈનું ઘી ચાંદી,
હવે વનસ્પતિ ઘી ખાઈને, થાય સારી દુનિયા માંદી....
મગ કહે હું લીલો દાણો, ને મારે માથે ચાંદુ,
બે-ચાર મહિના મને ખાય, તો માણસ ઉઠાડું માંદુ....
ચુો કહે હું ખરબચડો, મારો પીળો રંગ જણાય,
જો રોજ પલાળી મને ખાય, તો ઘોડા જેવા થાય....
રસોઈ રાંધે જો પિત્તળમાં, ને પાણી ઉકાળે તાંબુ,
જે ભોજન કરે કાંસામાં, તો જીવન માણે લાંબું....
ઘરઘરમાં રોગના ખાટલા, ને દવાખાનામાં બાટલા,
ફ્રીજના ઠંડા પાણી પી ને, ભૂલી ગયા છે માટલાં....
પૂર્વ ઓશિકે વિદ્યા મળે, દક્ષિણે ધન કમાય,
પશ્ચિમ ચિંતા ઊપજે, ઉત્તરે હાનિ થાય....
ઊંધો સૂવે ને અભાગીયો, ચત્તો સૂવે તે રોગી,
ડાબે તો સહુ કોઈ સૂવે, જમણે સૂવે તે યોગી...
આહાર એજ ઔષધ છે, ત્યાં દવાનું શું કામ,
આહાર વિહાર અજ્ઞાનથી, દવાખાના થયા છે જામ....
રાત્રે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર,
પ્રભુભજન પછી ભોજન, કહેવાય એ નરવીર.....

– કિર્તિદા દલાલએ જન્મભૂમિની તેમની
હેલ્થ ફિટનેસ કોલમ સાથે મુકેલ લોકસાહિત્ય.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# સાચી પ્રિત

**રમેશ મુલજી લોડાયા - ભરૂડિયા, મુલુંડ - ૯૮૨૦૩૩૬૭૬૭**

પ્રેમ કરતાં તો સૌને આવડે પણ પ્રેમના ટકોરાબંધ લાગણીના ટહુકાનો ટહુકતો રાખવા તો જાતનું બલીદાન પણ આપવું પડે. જીવન ભલે જાય પણ જીવનની મીઠી લાગણીમાંથી ચણેલ પ્રેમ મંદિરની કાંકરી પણ ન હલે.

**કગર, મગરને કાચબા, જલ સૂકે ચલ જાય,**
**સાચો સ્નેહ મીનકો, જલ સુકે મર જાય.**

(દેડકાં, મગર અને કાચબાનો જળ સાથેનો પ્રેમ જળ હોય ત્યાં સુધીનો છે. જેવું જલ સૂકાય તેવા તે ચાલ્યા જાય. જ્યારે સાચો પ્રેમ માછલાનો છે જે જલ સૂકાતા ભાગી ન જતાં, પણ પોતાના પ્રાણના બલિદાન આપે છે)

કચ્છ, કાઠિયાવાડનાં પાદરે ઘણા એવા પાળિયા ઊભા છે, જે પ્રેમ ખાતર સ્ત્રીએ પુરુષ પાછળ આપેલ બલિદાનની સાક્ષી પુરે છે. કઈક સ્ત્રીઓ પતિ પાછળ સતિ થઈ છે અને એક જ ચિત્તામાં બળેલ છે. અગાઉના બે લેખમાં આપણી જ્ઞાતિમાં પણ સ્ત્રી (પત્ની, માતા, બહેનો)એ પુરુષ પાછળ આપેલ બલિદાનના દાખલા જોયા. આપણી ઘણી લોક કથાઓમાં પણ પ્રેમ ખાતર સ્ત્રીનાં સમર્પણની વાતો આવે છે. પરંતુ બહુ જુજ દાખલાઓ હશે. જયાં સ્ત્રી પાછળ પુરુષે પોતાને સમર્પણ કર્યું હોય. આવો એક દાખલો આપણી જ્ઞાતિ ઈતિહાસમાં આજથી ૬૮ વરસ પહેલા તા. ૧૩-૪-૧૯૪૭નાં બનેલ છે. જેમાં પત્ની વિરહે પુરુષે પોતાનો દેહ પાડેલ છે. આ વાત એ જમાનાની છે જ્યારે આપણી જ્ઞાતિમાં પુરુષો ચાર ચાર વખત પરણતા સ્ત્રીના દેહની રાખ હજુ સ્મશાનમાં ઠંડી ન પડી હોય તે પહેલાં પુરુષો બીજી પત્ની પરણવાના કોડમાં રાચતા.

**નદી બળુકે નીર વહે, મોરલા કરે મલાર,**
**સાતેય રસ નીતરે, એવી ભોંય ધરા હાલાર.**

આવી હેતાળ હાલાર ધરાનાં મોટી ખાવડી ગામના શા. શામજી ખીંયસી ધરમસીએ મોટી ખાવડીના જ શા. પાસવીર દામા લાધાણી ખોનાની પુત્રી દમયંતીબેન (સોનબાઈ) સાથે તા. ૨૯-૨-૧૯૪૦ના મુલુંડ મુકામે તોરણે ચઢી, બે કોડિયાનાં સંપૂટ ભાંગી, બે વ્યક્તિની જુદાઈ ભાંગી એક થવાના સંકલ્પ સાથે, અગ્નિની સાક્ષીએ હસ્તમેળાપમાં એકબીજાનો હાથ હાથમાં લઈ મન, વચન અને કાયાથી એક જ થઈ રહેવાની અવિચલ પ્રેમની પ્રતિજ્ઞા લઈ, કોડી કચડાની રમતથી પોતાનો સંસાર માંડ્યો. હું તું બે પણ હૈયું એક, હેત બન્નોનો સંસાર મીઠો મહેકતો હતો. દમયંતિ પોતાના પતિનો પડછાયો થઈને રહેતી હતી. સારસની બેલડી જુદી ન રહી શકે તેમ એક બીજાથી જુદા ન રહી શક્તી દમયંતિ અને શામજીની જોડીનો ઘરસંસાર અપરંપાર સુખમાં વહ્યો જાય છે. એમાં પુત્રી સુશીલાનું આગમન થતાં અદકેરાં હેત પ્રિતમાં ઓર વધારો થયો.

પરંતુ આવા હેત પ્રિતની વિધાતા વેરણ થઈ. ઉગતી જવાનીમાં જ સંસારને હજુ દિલભાર માણ્યો ન માણ્યો ત્યાં દુઃખની શરૂઆત થઈ. પત્ની દમયંતિ ગંભીર ક્ષયના રોગમાં પટકાઈ. એ જમાનામાં ક્ષયનો રોગ એ રાજયોગ હતો, ગમે તેટલા પૈસા ખરચો તો પણ માણસ માંદગીમાંથી બેઠું ન થાય. શામજીભાઈએ હિંમત રાખી પત્નીની ખૂબ જ ચાકરી કરી. ખર્ચ સામે જોયું નહિં, પણ રોગ હટવાનું નામ જ ન લે. દમયંતિ પોતાના પતિને દિન-રાત ચાકરી કરતા જોઈ ખૂબ દુઃખી થઈને કહે ‘‘મેં તમને સંસાર સુખ આપ્યું નહિ, ઉલ્ટાની તમારી ચાકરી લઈ રહી છું. હું આ રોગમાંથી ઊભી નહીં થઈ શકું. તમે વ્યર્થ પ્રયત્નો કરી રહ્યા છો. પુત્રી સુશીલા તો હજી ખૂબ જ નાની છે મારી પાછળ તમે એની સંભાળ રાખજો. મારો કોઈ ભરોસો નથી.’’ પત્નીના આવા વહેણ સાંભળી પતિ શામજીભાઈ કરે ‘‘એવા વેણ મા બોલ. આપણે કોઈને દુભવ્યા નથી, તને જરૂર સારું થઈ જશે. ઈશ્વર પર ભરોસો રાખ.’’

એવામાં રંગપુરમાં રહેતી દમયંતિબેનના બહેનનાં આમંત્રણ આવ્યા કે થોડા દિવસ માટે હવાફેર માટે રંગપુર આવો. ગામડાનાં સ્વચ્છ વાતાવરણમાં જરૂર સારું થઈ રહેશે. અનંતનાથ દેરાસરમાં નોકરી કરતાં શામજીભાઈ થોડા દિવસની રજા લઈ પત્નીને લઈ રંગપુર આવ્યા. પત્નીની અવિરત ચાકરી કરી. દયયંતીને થોડું સારું લાગ્યું પરંતુ એ તો ઓલવાતા દિવડાનો આખરી પ્રકાશ હતો.

**માનવ જાણે હું કરું, કરતલ બીજો કોઈ,**
**આદર્યા તારા અધુરા રહે, હરિ કરે સો હોઈ.**

શામજીભાઈની અથાગ ચાકરી છતાં તા. ૧૩-૪-૧૯૪૭ના દિને દમયંતિએ સાથ છોડ્યો. શામજીભાઈ ઉપર બીજળી ત્રાટકી. કઈક કોડ સાથે જીવવાના સપનાં એકાએક તુટી પડ્યા. સૌ ગ્રામજનો, સગાં સંબંધીઓ આશ્વાસન આપે છે પરંતુ શામજીભાઈના દિલને શાતા થતી નથી.

બપોરે દમયંતિબેનની નનામી કાઢી સ્મશાને લઈ ગયા. શામજીભાઈએ પણ સ્મશાન યાત્રામાં સાથે આવવાની જીદ પકડી. ગામનાં પાધરે તેમનાં કુટુંબીભાઈ વિરચંદ કાનજી ધરમશી

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ગુજરાતના વાપી શહેરમાં રહેતા જ્ઞાતિના મહિલા પુષ્પા ભરત મૈશેરીએ સેલ્સ ટેક્સ ઓફિસમાં ઉચ્ચ અધિકારોનું પદ મેળવી નારી શક્તિનું અનન્ય દૃષ્ટાંત આપ્યું છે. તેમની આ સફળતા માટે તેમને અભિનંદન. તેમના દાખલાથી પ્રેરણા લઈ જ્ઞાતિની મહિલાઓ આગળ વધે એવી અપેક્ષા.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

તેમને પાછા વળી જવા ખૂબ સમજાવે છે. એ સમયે પુરૂષ પરણવા માગતો હોય તો પત્નીને બાળવા સ્મશાને ન જતો. વિરચંદભાઈ શામજીભાઈની નાની વય તથા તેમની ૪ વરસની પુત્રી સુશીલાને લક્ષમાં રાખી ફરી સંસાર માંડી શકે તે માટે શામજીભાઈને પાછા વળી જવા ખૂબ સમજાવતા કહે છે કે ભાઈ, આ તો વિધાતા વેરણ થઈ એમાં પામર માનવીનું શું ગજું ?

**''દોષ કોને દઈએ, માની લીયો સબ જોગ**
**જે કંઈ લખ્યું લલાટમાં, બીખળું-મળવું સંજોગ''**

શામજીભાઈને સમજાવે છે પરંતુ એમને શાંતિ વળતી નથી. વિરહની વેદનામાં શામજીભાઈ પોતાના કુટુંબીભાઈને કહે છે.

''જેની ભાંગે જોડ, એને માયાની મીઠપ નંઈ કાગા વાતું કરોડ, પણ પંડને કોઈ ન પાલવે''

હું દમયંતિ વગર નહીં જીવી શકું. મને હવે જીવનમાં રસ નથી. મને રોકશો નહિ. વિરચંદભાઈ ફરી એમને સમજાવતા કહે છે.

**''કરમે લખ્યું કિરતાર, છઠ્ઠીના ચૂકે નહિ,**
**હુન્નર કરો હજાર, આખરનાં આડા ફરે.''**

''તમે ઘણી ચાકરી કરી, પણ છઠ્ઠીના લેખ મિથ્યા થતા નથી. આપણા સંબંધો અંહિ સુધી જ ઈશ્વરને મંજૂર હશે''. પરંતુ આવા શબ્દોથી શામજીભાઈના હ્રદયને ટાઢક વળતી નથી. તેઓ વેદના ભર્યા વિરચંદભાઈને કહે છે

''પહાડેથી પરબારા પડ્યા, પંડ દઃખ પથરડા, દમયંતિ વિણ અમને, લાગતાં દલડે દાંતરડા'' પહાડ પરથી મારા શરીર ઉપર દુઃખના પથ્થરો ત્રાટકી પડ્યા છે.

દમયંતિનો વિયોગ મારા દીલને દાંતરડેથી વાઢતું હોય તેવો લાગે છે. જીવનમાં કંઈ કંઈ મનસૂબા બાંધેલ પણ અરે રે !! મારા કુડા કરમ મારી પ્રિયતમાને ભરખી ગયા. શામજીભાઈનું આક્રંદ વિરચંદભાઈથી પણ સહેવાતું નથી છતાં હિંમત કરી વિરચંદભાઈ બોલ્યા 'ભાઈ, રોઈ રોઈને મરી જશું પણ જનાર પાછા ફરનાર નથી, તમારે તમારી છાતી ઉપર શિલા મુકી દીકરી સુશીલા માટે જીવવું જ રહ્યું.''

**''દો સત્તા ઉપર ચઢો, પેસો પંચા હોય**
**અણહોણી હોણી નહિં, હોણી હોય સો હોય.**

(દો સત્તા = બે સત્તાને ચૌદ) ભલને ચૌદ બ્રહ્માંડમાં જાઓ કે અગર સાતમાં (પંચા હોય = પાંચને બે સાત) પાતાળમાં પેસો તોય પણ જે થવાનું છે તે તો થવાનું જ છે.

**'લાખ વસામણ, ક્રોડ વધ, કર દેખો સબ કોય,**
**અણહોણી હોણી નહિ, હોણી હોય સો હોય.**

(લાખ પ્રકારના વિચાર કરો કે કરોડ જાતની વિધી કરો છતાં જે થવાનું તે તો થઈને જ રેહવાનું) આપણે ઇચ્છએ તો પણ થોડું માગ્યું મોત મળવાનું છે ?

**'મોત ન મુકે કોઈને, ખુશી ધરો કે ખેદ,**
**તો દીલગીર દીલ શીદ થવું, તમે ઉરમાં ધરો ઉમેદ.**

સુખ દુઃખ એ જીવનના પેડા છે બન્નેને સરખા સમજી ઈશ્વર રાખે તેમ રહેલું રહ્યું. આયુષ્યની દોરને તુટી ગયા પછી સંધાતી નથી. મૃત્યુ પાછું નહિ ફરે. પુત્રી સુશીલાનું કોણ ? વિરચંદભાઈની અતિ સમજાવટથી શામજીભાઈ દમયંતિને પાધરેથી વળાવી પાછા ઘરે આવ્યા પણ દમયંતિના વિયોગે મનડું માનતું નથી. જીવન-મરણ સાથે રહેવાનો કોલ યાદ આવે છે. પોતાને ચેન પડતું નથી. પોતાના હ્રદયને ઠપકો આપતા કહે છે કે પ્રિયતમા જવા છતાં તું કેમ સાજુ રહ્યું. ફાટી કેમ ન પડ્યું, હવે દમયંતી ગયા બાદ મારે સંસારમાં શું ભ્રમરની જેમ મારાથી થોડી જુઠી પ્રિત થાય.

**'જુઠી પ્રિત ભ્રમરકી, કલી કલી રસ લેત,**
**સાચી પ્રિત પતંગ કી વો અપના જી દેત,**
**સાજણ એડા કિજીયે,જેડા પંડમેં પ્રાણ,**
**જીવતા લગણ ભેળા રહે, મુવા પછી મસાણ.**

કુટુંબીજનો શામજીભાઈને સમજાવવા અથાગ પ્રયત્ન કરે છે. કોઈ સાંત્વના આપી પાણીનો ગ્લાસ આપે છે. પણ શામજીભાઈનો આક્રંદ ઓછો થતો નથી. ભારે દબાણ થતા પાણીનો ગ્લાસ શામજીભાઈ પોતાના હાથમાં લે છે પણ ત્યાં તો દમયંતિની ફરી યાદ આવતા ધ્રસકે ધ્રસકે રડતા કહે છે ''દમયંતિ સરગાપરને વાટે મારી રાહ જોજે હું તને હમણા જ ભેગો થઈ જઈશ.'' આટલું કહેતાં હાથમાં રહેલો પાણીનો ગ્લાસ હેઠે પડી ગયો અને દમયંતિના વિયોગે શામજીભાઈના પણ પ્રાણ નીકળી ગયા.

ડાઘુઓ હજુ સ્મશાનમાં પહોંચી દમયંતિબેનની ચિત્તાને ગોઠવતા હતા ત્યાં જ સમાચાર મળ્યા કે શામજીભાઈએ પણ પ્રાણ છોડ્યા છે. સર્વે ડાઘુઓ પાછા આવ્યા અને શામજીભાઈની નનામી કાઢી. બન્નેને એક જ ચિત્તામાં ખડકી અગ્નિદાહ આપ્યો. વાતાવરણ ખૂબ જ ગમગીન બની ગયું. કુદરત પણ સાચા પ્રેમી પાછળ પસ્તાવો કરતી હોય તેમ પવન થંભી ગયો, વાદળીયું વાતાવરણ થઈ ગયું. પંખીઓના કલરવ અટકી ગયો.

પતિ પાછળ કઈક સતિઓ એક ચિત્તામાં પોઢી પ્રાણ આપ્યા છે. પરંતુ પત્ની પાછળ એક જ ચિત્તામાં પોઢી જનાર શામજીભાઈ જેવા કોઈક વિરલાજ હોય છે. આખા લોકસાહિત્ય ફરી ફરીને ફંફોસી લો તો ભાગ્યેજ આવી કથા સાંપડે છે.



## કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા દાર્જીલીંગ અને ગાંગટોક પ્રવાસ

કે.ડી.ઓ. ક્લાસીકે તાજેતરમાં દાર્જીલીંગ અને ગાંગટોકના ૭ દિવસના પ્રવાસનું વિમાન-લક્ઝરી-કાર દ્વારા આયોજન કર્યુ હતું જેનો ૪૦ સભ્યો પરિવારોએ લાભ લીધો હતો.



સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નવી મુંબઈમાં ટેકનોલોજી એક્સલન્સ અને સ્કીલ ડેવલપમેંટ સેમિનાર

શ્રી ક.દ.ઓ.જૈન મંડળ નવી મુંબઈ અને શ્રી ક.વી.ઓ.જૈન મહાજન નવી મુંબઈએ સાથે મળીને નવી મુંબઈના સમસ્ત જૈન સમાજ માટે ટેકનોલોજી એક્સલન્સ અને સ્કીલ ડેવલપમેંટ સેમિનારનુંઆયોજન રવિવાર તા.૦૬ સપ્ટેમ્બરના કરેલ.

આય.આય.ટી. (IIT) મુંબઈ જે ભારતમાં ટેકનોલોજીની ટોચ સંસ્થા છે. તેમાંથી એરોસ્પેસ ટેકનોલોજી (Aerospace) માં રાષ્ટ્રપતિ સુવર્ણ પદક જીતેલ શ્રી અશ્વિન રામચંદ્રને પોતાની સક્સેસ સ્ટોરી (Sucess Story) રજુ કરેલ. તેમણે આય.આય.ટીમાં સફળ થવા માટે કેવી રીતે તૈયારી કરવી જોઈએ તેની માહિતી આપી. પ્રેક્ષકોએ અશ્વિનને અનેક સવાલો પુછેલ જેનો જવાબ તેણે વિગતવાર આપેલ. અશ્વિનનો બહુમાન બન્ને સંસ્થાઓએ સંયુક્ત રીતે કરેલ.

એન્ટરપ્રેનર અને સ્કીલ ડેવલપમેંટ સેશનમાં એમ.ટી એડુકેર (MT Educare)નાં શ્રી મહેતાએ માનસ (MANAS) હેઠળ માઈનોરિટી માટે ચલાવાતી ફ્રી ટ્રેનિંગ વિષે પ્રેસેન્ટેશન અને માહિતી આપેલ.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન કરી શ્રી ક.દ.ઓ.જૈન મંડળના પ્રમુખ શ્રી ધનેશભાઈ મોમાયા, ઉપપ્રમુખ સૌ.માલતીબેન ધરમશી તથા સૌ. મીનલબેન ખોનાએ કરેલ. સ્વાગત સૌ.મીનલબેન ખોનાએ કરેલ. કાર્યક્રમનું સંચાલન સૌ. ચાંદનીબેન લાલકાએ કરેલ.

## શ્રી પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

શ્રી પારોલા સંઘમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ ના કાર્યકાલ માટે નીચે મુજબ નવી સમિતિ ચુંટાવામાં આવેલ છે.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન અચલગચ્છીય શ્રી શાંતિનાથ દેરાસર ટ્રસ્ટ પારોલા, ટ્રસ્ટ બોર્ડ : શ્રી દીપક દામજી પોલડીયા – પ્રમુખ (ભુસાવલ), શ્રી પીયુષ ચંદુલાલ ડાઘા – ઉપપ્રમુખ (પારોલા), શ્રી ગોવિંદજી નેણસી સોની – મા. મંત્રી (ધૂલીયા),

ટ્રસ્ટીઓ : શ્રી ધનપતિ કુંવરજી મોમાયા (જલગામ), શ્રી અશોક લાલજી પોલડીયા (જલગામ), શ્રી લલીત વર્ધમાન લોડાયા (જલગામ), શ્રી દલેશ જવેરચંદ મોમાયા (ચાલીસગામ), શ્રી વીપુલ ગુલાબચંદ ડાઘા (અમલનેર), શ્રી તીલકચંદ પદમશી લોડાયા (અમલનેર)

કારોબારી સમિતી : શ્રી દીપક દામજી પોલડીયા – પ્રમુખ (ભુસાવલ), શ્રી પીયુષ ચંદુલાલ ડાઘા – ઉપપ્રમુખ (પારોલા), શ્રી ગોવિંદજી નેણસી સોની – મા. મંત્રી (ધૂલીયા)

સભ્યો : શ્રી તીલકચંદ પદમશી લોડાયા (ચોપડા), શ્રી કીરીટ ભવાનજી લોડાયા (પાચોરા), શ્રી દીનેશ કુલીનકાંત લોડાયા(જલગામ), શ્રી કલ્પેશ માણેકજી છેડા (જલગામ), શ્રી સિધ્ધાંત રાજેન્દ્ર પોલડીયા (જલગામ), શ્રી હરીશ પદમશી લોડાયા (અમલનેર), શ્રીમતી ભારતીબેન ધનજી લોડાયા (અમલનેર), સૌ. કલ્પનાબેન વીજય નાગડા (શીરપુર).

## હુબલીમાં પર્યુષણ આરાધના

હુબલીમાં પર્વની આરાધના કરાવવા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી ચિરાગભાઈ રતિલાલ છેડા, હૈદ્રાબાદ, નેવિલભાઈ મુલચંદ દેઢિયા, મુંબઈ અને સાગરભાઈ દિનેશ વોરા, મુંબઈથી પધારેલ. પર્વ દરમ્યાન દરરોજ સ્નાત્ર પુજા,મોટી પુજા અને દરરોજ રાતના ભક્તિભાવનાની સંગીતમય રમઝટ બોલાવવા પ્રફુલભાઈ શીવજી લોડાયા કોચીનવાળા પધારેલ.

પહેલા દિવસે બપોરના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા અને બીજા દિવસે બપોરના શ્રી બારવ્રતની મોટી પુજા, ત્રીજા દિવસે શ્રી કલ્પસુત્ર પોથીજીનો વરઘોડો જેના લાભાર્થી શા કરમચંદ આણંદજી વિકમશી પરિવાર હતા. રાતના જાગરણમાં નાની નાટીકા ''સ્વાર્થી છે આ સંસાર'' રજુ હતી. ચોથના તપસ્વીઓનું સંઘ દ્વારા બહુમાન થયું. યુથ ફોરમના સભ્યો દ્વારા શ્રાવક દિનની ઉજવણી કરાઈ. બપોરના શ્રીગીરનારજીની ભાવ યાત્રા ભણાવાઈ.

પાંચમના બારસા સુત્રનું વાંચન અને સંવત્સરિક પ્રતિક્રમણ હતા. છઠના સવારના જિનાલયજીનું દ્વારા ઉદ્‌ઘાટન થયું. તપસ્વીઓના પારણા અને સંઘ નવકારશીના લાભાર્થી શા દેવશી નેણશી મોમાયા પરિવાર. શ્રી વીરપ્રભુજીના પારણાના લાભાર્થી


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર – જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

શા નરશી દામજી મોમાયા પરિવાર અને અક્ષયનિધિ પોથીજીના લાભાર્થી શા ખેતશી જેઠાભાઈ કુરુવા પરિવાર રહા. સંઘની નિશ્રામાં સામુહિક ક્ષમાપના અને આરાધક ભાઈઓ અને સંગીતકારનું બહુમાન, સ્વ. શ્રી વીરચંદ શીવજી ખોના અને સ્વ. શ્રી દામજી જાદવજી છેડાના સ્મરણાર્થે વિદ્યાર્થીઓનું બહુમાન કરાયાં. રાતના જાગરણમાં નાના ભુલકાઓ દ્વારા નાની નાટિકા રજુ થઈ.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પૂના – ચૈત્ય પરિપાટી

શ્રી ક.દ.ઓ સંઘ દ્વારા આ વર્ષે યોજાયેલ મધ્ય પ્રદેશના જૈન તીર્થોની ચાર દિવસીય ચૈત્ય પરિપાટીમાં ૨૩ જ્ઞાતિજનો જોડાયા હતા. તા. ૧ ઑક્ટોબરના પૂના થી રવાના થઈ, સેંધવાથી બાવન ગજા તીર્થમાં ભારતની ઉંચામાં ઉંચી ૮૪ ફુટની શ્રી આદિનાથ પ્રભુની કાર્યોત્સર્ગ મુદ્રામાં, પર્વતમાં કોતરેલી ભવ્ય પ્રતિમાના દર્શન કરી મોહનખેડા તીર્થ ગયા. અહીં શ્રી આદિનાથ પ્રભુ તથા આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રતિમા ધરાવતું ગુરૂ મંદિર જે સોનાથી મઢેલું છે, તેના દર્શન કરી ભોપાવર, શ્રી શાંતિનાથ પ્રભુની કાર્યોત્સર્ગ મુદ્રામાં સુંદર પ્રતિમા, અમીલરા પાર્શ્વનાથ તથા ભક્તામર તીર્થના દર્શન કરી ઈન્દોર આવી. દાદાવાડીના દેરાસરમાં દેવદર્શન પુજા કરી મક્ષીજી ગયા, જ્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની કાળા રંગની સુંદર પ્રતિમાં છે. ત્યાંથી ઉજ્જૈન, શ્રી મણીભદ્રવીર તીર્થ, અવંતી તથા અલૌકીક પાર્શ્વનાથ, મહાકાલેશ્વરના દર્શન કરી માંડું પહોંચ્યા માંડુંમાં મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી શાંતિનાથ પ્રભુના દર્શન કરી ઈન્દોર પાછા ફર્યા.

ઈન્દોરમાં કાંચ મંદિર, રીંકારગીરી તીર્થ, બડા ગણપતી તથા ઈન્દોર દર્શન કર્યું. મધ્ય પ્રદેશમાં એસી મીની બસ, દાદાવાડીનો એસી રૂમમાં ઉતારો તથા ત્રણે દિવસ નવકારશી અને બન્ને સમયના ભોજન ના સ્પોન્સર શ્રી વિજય શાંતિલાલ મુળજી શીઆલ (જખૌ-ઈન્દોર) હતા.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શને ટ્રસ્ટ પોતાના કાર્યો સફળતા પુર્વક પાર પાડે છે.

દર બુધવારના ગરીબોને ભોજન જમાડનાર કાયમી તિથીના દાતાઓના નામ : શા. વેરશી રતનશી ગડા (મુલુન્ડ), દેવજી દામજી કુરવા (કાંદીવલી), સરલાબાઈ ગંગાજર મોમાયા (મદ્રાસ – શ્રી ગુણલક્ષ્મીશ્રીજીના દિક્ષા તિથી નિમિતે), વિમલાબેન શશીકાંત લોડાયા (અંકલેશ્વર), માતુશ્રી દેવકુંવરબાઈ તથા પિતાશ્રી મેઘજી વેલજી ધરમશી પ્રિયવંદાબેનના સ્મણાર્થ (તારદેવ), જેઠાભાઈ કેશવજી પરિવારની દીકરીઓ (મદ્રાસ), દેવજી કેશવજી માડણ લોડાયા (ચાલીસગામ – વારાપધર), સ્નાત્ર મંડલ તથા પુજા સામાયિક મંડલ (ગદગ), લક્ષ્મીબાઈ માણેકજી મૈશેરી (રાયપુર)

### સખી વૃંદ – પુના

સખી વૃંદ – પુનાની મિટીંગ ૨૬મી સપ્ટેમ્બરના રીટા ભાટેના ઘરે યોજાઈ. દિવાળીના તહેવારને લક્ષમાં રાખી તેમણે કંડીલ (Lantern) કેવી રીતે બનાવવા તેનું પ્રત્યકશીકરણ કર્યું. તેમાંથી એક રીત હેન્ડમેઈડ પેપરથી બનતા કંડીલનું વર્કશોપ (કાર્યશાળા) લીધું. ટીસ્યુ પેપર તથા કપ કેકનો ઉપયોગ કરી ફુગ્ગાને ફુલાવી બનતું એક કંડીલ, yarn lantern 'યાર્ન લેનટરન' દોરો અને ફુગ્ગાથી બનતું કંડીલ તથા બેસ્ટ આઉટ ઑફ વેસ્ટ, છાપા, ફેવિકોલ અને કલરના વપરાશથી કંડીલ કેમ બનાવવું એનું પ્રત્યક્ષીકરણ કર્યું. (ડેમો આપ્યો)

વિવિધા શ્રેણીના આઠમાં મણકાના વિજેતા (સંગીત સ્પર્ધા) ઘોષિત થયા. જેમાં ગ્રુપ એકમાં (૧) મીરા નાગડા (૨) વિજયાબેન ખોના તથા ગ્રુપ બે માં (૧) લીલાબેન નાગડા (૨) મીનલબેન દંડ વિજેતા રહ્યા. નવમાં મણકામાં ધર્મની પ્રશ્નોતરીનો રાઉન્ડ રજૂ થયો.

### વરાડીયામાં પર્યુષણ પર્વ

વરાડીયામાં મહાપર્વની આરાધના શ્રી કિર્તીકુમાર નેણશી

## ''અહિંસા એક પ્રચંડ તાકત'' વિષય પર આંતરધર્મીય પરીષદ

૧લા પાનાથી ચાલુ

કાર્યક્રમની શરૂઆત પં. કુમાર ગંધર્વ (પદ્મવિભૂષણ) ના શિષ્ય પં. પરમાનંદ યાદવ અને એમના અન્ય સાથીયો દ્વારા સુમધુર ભક્તિ સંગીત દ્વારા કરવામાં આવી. પ્રખર વક્તાઓમાં મુંબાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રિન્સિપલ ડૉ. વી.પી. પાંડ્યે એ પોતાના ઓજસ્વી વ્યક્તવ્યમાં અહિંસા એક પ્રચંડ તાકત વિષય ને બહુજ સરળ ભાષામાં સમજાવ્યું.

પ્રચલિત કવિરાજ અબ્દુલ ગફ્ફાર (જયપૂર) એ પોતાના અસ્ખલિત વક્તવ્યમાં જૈન જીવનશૈલીને સર્વોત્કૃષ્ટ ગણાવી એમનું માનવું છે કે અહિંસા દ્વારા જ વિશ્વમાં શાંતિ લાવી શકાય છે. એમણે નવકારમંત્રને શ્રેષ્ઠ જણાવ્યો છે. ગૌરક્ષા પર પ્રભાવશાળી કવિતા રજૂ કરી. કવિયત્રી સલોની રાણા એ પણ સુમધુર સ્વરમાં મહાવીર વંદના પ્રસ્તુત કરી.

પૂજ્ય ગુરુદેવે અહિંસાને જૈન જીવનશૈલીને અભિન્ન અંગ જણાવ્યું. એમણે સ્થૂળ કે સૂક્ષ્મ બંને પ્રકારની હિંસાનો ત્યાગ કરી અહિંસક વિશ્વ નિર્માણ માટે જોર આપ્યું.

આ કાર્યક્રમમાં ચેરમેન શ્રી. એચ. એસ. રાંકાજી એ સ્વાગત ભાષણ આપ્યું. શ્રી સિદ્ધાર્થ કશ્યપે વિખ્યાત કવિ અબ્દુલ ગફ્ફારનો પરિચય આપ્યો. સેક્રેટરી જનરલ શ્રી જીતેન્દ્ર કોઠારીએ આભાર વિધી કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી વિદ્યા ઉત્તમ શાહ દ્વારા કરવામાં આવ્યું.

મોમાયાના માર્ગદર્શનમાં થઈ હતી. શ્રી કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનો લાભ માતુશ્રી રતનબાઈ કુંવરજી પટેલ - વરાડીયાએ ૫૨૫૨ મણમાં તથા પારણું પધરાવવાનો લાભ શ્રી ધરાબેન દિપેશ મૈશેરીએ ૧૧૧૧ મણમાં લીધેલ. સ્વપ્ન ઉછામણી ઘૃત ૩૩૮૫૧ મણ થયેલ તેમજ કુલ ઘૃત ૫૭૫૫૦ મણ થયેલ. સંઘમાં જ અઠ્ઠાઈ થયેલ. શ્રા. સુ. પાંચમના ધ્વજા રોહણના પ્રસંગે એક સદ્‌ગૃહસ્થ તરફથી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાને ચાંદીનું છત્ર ચઢાવેલ.

## કોઈમ્બતુર શ્વે. મૂ. પૂ. સંઘમાં અચલગચ્છનું પ્રતિનિધિત્વ

કોઈમ્બતુરના સ્થાનીક શ્રી દેરાસરજીનું સંચાલન કરતા કોઈમ્બતુર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં આગામી બે વર્ષ (૨૦૧૫-૨૦૧૭) માટેની કાર્યવાહિક સમિતિમાં અચલગચ્છ સંઘમાંથી નીચે મુજબના ચાર સભ્યોની સર્વાનુમતે નિમણુંક કરેલ છે. : ૧) શ્રી મોતીચંદ સાંગાણ લોડાયા - માનદ્‌મંત્રી ૨) શ્રી અનિલ દેવશી ડાઘા ૩) સંજય હિરાચંદ ખોના ૪) શ્રી જીતેન ચીમનલાલ દંડ

## મોટી સિંધોડી ચૈત્ય પરિપાટી

શ્રી પ્રગતિ મહિલા મંડળના નેજા હેઠળ અને શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન, તથા ટ્રસ્ટ મોટી સિંધોડીના સથવારે તા. ૪/૧૦/૨૦૧૫ને રવિવારના ચૈત્ય પરિપાટીનું આયોજન થયેલ. ૬૦ ગામવાસીઓએ મુલુંડ (ઈસ્ટ), મુલુંડ (વેસ્ટ), મસ્જિદ બંદરે અનંતનાથ જિનાલય, તેમજ કલિકુંડ પાર્શ્વનાથ જિનાલય-સાંતાક્રુઝ વગેરે તીર્થો તેમજ ગુરૂ-ભગવંતોના દર્શન-વંદનનો લાભ લીધો. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, મુંબઈ આયોજીત તપસ્વી સમુહ સાંજી તેમજ બહુમાન સમારંભ માણ્યો.

અ.સૌ. કલ્પનાબેન શૈલેષભાઈ સનતભાઈ લોડાયા (સાયન) પરિવારે આખા દિવસનો સાધર્મિક ભક્તિ સાથે સંઘ-પૂજનનો લાભ પણ લિધેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે નીતાબેન લોડાયા, રશ્મીબેન મૈશેરી, નિરૂપમાબેન મોતા, અનિતાબેન લોડાયા તથા રેખાબેન મૈશેરીએ જહેમત લીધેલ.

## મોટી સિંધોડી ગરબા તથા દાંડિયા રાસ ૨૦૧૫

શ્રી પ્રગતિ મહિલા મંડળના નેજા હેઠળ ગરબા તથા દાંડિયા રાસનો કાર્યક્રમ શનિવાર, તા. ૧૭/૧૦/૨૦૧૫ના રોજ સાંજના ગોપુરમ હૉલ, મુલુંડ ખાતે રાખવામાં આવેલ. મોટી સિંધોડી મહાજન તથા ટ્રસ્ટના પદાધિકારીઓ અને પ્રગતિ મહિલા મંડળ ના સભ્યો તથા નેમ યુથ ફોરમના સભ્યોએ ઉમંગભેર ભાગ લીધેલ. દરેક વિજેતાઓને ટ્રાફી તથા ભાગ લેનારને આશ્વાસન ઈનામો આપવામાં આવેલ. જજ તરીકે ડોંબિવલીથી ઉલ્કાબેન સાવલાએ સેવા આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે નીતાબેન લોડાયા, રશ્મીબેન મૈશેરી, નિરૂપમાબેન મોતા, અનિતાબેન લોડાયા, અલકાબેન મૈશેરી તથા રેખાબેન મૈશેરીએ જહેમત લીધેલ.

## શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ પર્યુષણ ઉજવણી

શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘમાં પર્યુષણ આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ થી શ્રી પ્રફુલભાઈ મેહતા અને શામજીભાઈ ગાલા પધારેલ. રોજ સવારના શ્રી ભક્તામર પાઠ, લક્કી ડ્રો, વ્યાખ્યાન, પ્રતિક્રમણ, આરતી ભક્તિ રાખવામાં આવેલ, પર્વ દરમ્યાન સુન્દર ગવલી બાનાઓ પ્રતિયોગીતા, જૈન ભક્તિમય સ્તવન પ્રતિયોગીતા, જૈન સ્તવનો પર આધારિત સંગીતમય અંતાક્ષરી, નાના બાળકો માટે જૈન ધર્મ આધારિત ફેન્સી ડ્રેસ પ્રતિયોગીતા, નિયમ લો બનો મહાવીર આદિ સ્પર્ધાઓ યોજાઈ.

૧૫ દિવસ સંઘ દ્વારા લાભાર્થી પરિવારોના સહયોગથી એકાશણા કરાવવામાં આવેલ. શ્રી પોથી જી પધારાવા નો લાભ માતુશ્રી પુષ્પાબેન નારાણજી મૈશેરી પરિવારે લીધેલ. શ્રી પારણું પધરાવવાનો લાભ માતુશ્રી સ્વ. હંસાબેન હીરાચંદ મૈશેરી પરિવારે લીધેલ.

પાંચમના પ્રતિક્રમણ ઉપરાંત જીવદયા કાર્યક્રમની શુરૂઆત થઈ. જેમાં દર રવિવારે ગૌશાળામાં ચારો મોકલવા અને પક્ષીઓને ચણ નાખવા ઉપરાંત ઘાયલ પશુ-પક્ષિઓની સારવાર વગેરેનો સમાવેશ થાય છે. સાધારણ ખાતાના મજબૂત બનાવવા ધૂપ આદિ મંદિર માટે ઉપયોગી સામાન ભેટ આપવાની યોજના શરૂ થઈ.

છઠના દિવસે ૧૪ સ્વપ્ન, પારણા આદિનો વરઘોડો નિકળ્યો. સામુહિક ક્ષમાપના અને તપસ્વીઓનું બહુમાન થયું તેમજ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ અપાયા તથા કર્મચારીઓનું સન્માન કરાયું.

---

## વિવિધ સંઘોની તપસ્વી યાદી

**હુબલી**

**ચત્તારી સઠ્ઠષઠ દોષ તપ**

શ્રીમતી રીટાબેન રમેશ લાપશીયા (દેશાઈ)

**સોળ ભત્તો**

| | |
|---|---|
| ગુલાબચંદ મેઘજી લોડાયા | શ્રીમતી કાજલ પ્રમોદ વિકમશી |

**તેર ઉપવાસ**

વૈભવ સોમચંદ મોમાયા

**અઠ્ઠાઈઆ**

| | |
|---|---|
| રાકેશ હીરાચંદ છેડા | કુ કરીશ્મા શૈલેષ પટેલ |
| કૌશીક ખુશાલ ધરમશી | કુ. ભક્તિ શૈલેષ પટેલ |
| અક્ષય લક્ષ્મીચંદ મોમાયા | દષ્ટી નીલેશ શાહ |
| હીતેશ મુલચંદ ખોના | કુ. જીનલ મેહુલ સોનાવાલા |
| હીરેન ચેતન છેડા | |

**વરાડીયા**

**૮ ઉપવાસ :**

| | |
|---|---|
| શ્રી પદમ લાલજી લોડાયા | શ્રી મીતેશ પ્રફુલ મોમાયા |
| હિના જિતેન્દ્ર લોડાયા | નીના અશોક ઠાકુર |

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**દિલીપ લાલજી નાગડા** ૨૩, અહિલ્યા દેવી નગર, એકતા કલાસેસ, સ્ટેશન રોડ, ધુળે - ૪૨૪ ૦૦૧

**ભાનુ વિકમશી** ડી-૧૫૦૬ આર.એન.એ. કોન્ટિનેન્ટલ, સુભાષ નગર લેઆઉટ, ચેંબુર - ૪૦૦ ૦૭૧

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૧૦.૧૫ | સેંધવા | પ્રિશા-છાયા/ધીરેન્દ્ર લક્ષ્મીચંદ મોમાયા | બારોઈ | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૦.૧૫ | બાગલકોટ | લલિત હિમેશ હંસરાજ નાગડા | સાંધાણ | ૩૮ |
| | કોચીન | નિતલ વિજય પદમશી ધરમશી | સાંયરા | ૩૧ |
| ૨૧.૧૦.૧૫ | પાંચોરા | કૌશિક ખુશાલચંદ કલ્યાણજી પોલડીયા | બાયઠ | ૨૩ |
| | વિકારાબાદ | મોનિકા જયેશ લક્ષ્મીચંદ ગોસર | ગોએરસમા | ૨૨ |
| ૨૨.૧૦.૧૫ | મસ્જીદ બંદર | કરણ ચંદ્રકાંત અરજણ મોતા | વાકુ | ૨૬ |
| | ભાડુંપ | દીપીકા કીરીટ પદમશી ખોના | નલીયા | ૨૪ |

### આતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૦.૧૫ | નાલાસોપારા | કરણ મણિકાંત રાયશી લાપસીયા | દલતુંગી | ૨૭ |
| | કાંદીવલી | સ્વેતા જગન્નાથ વેંકટરાવ કાટે | દેવલગડા | ૨૬ |
| ૨૨.૧૦.૧૫ | ડોંબિવલી | નિરવ લક્ષ્મીચંદ હધુ ગંગર | છસરી | ૨૬ |
| | ડોંબિવલી | જીગની પ્રફુલ હંસરાજ દંડ | મંજલ | ૨૫ |
| ૨૨.૧૦.૧૫ | મુલુંડ | દીપેશ કમલેશ અભયચંદ મોતા | વારાપધર | ૨૩ |
| | ડોંબિવલી | જીંકલ અશોક મોરારજી ખીમશરીયા | મોટી ઉનડોઠ | ૨૨ |
| ૨૩.૧૦.૧૫ | ખર્ડી | મનિષ દિલીપ વેલજી ધરમશી | રંગપુર | ૨૮ |
| | શહાપુર | સાયલી દિલીપ પોપટલાલ શાહ | શાહપુર | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૩.૧૫ | મલકાપુર | ખુશાલ ઉત્તમચંદ દેવશીબાઈ દંડ | વાડીયા | ૨૭ |
| | નાગપુર | પૂજા જીતેન્દ્ર પદમશી મોતા | તેરા | ૨૫ |

### છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૯.૧૫ | અંબરનાથ | રાજેશ ભરતકુમાર મેઘજી લોડાયા | રવા | ૩૯ |
| | ડોંબિવલી | હેમાલી સોમચંદ ચત્રભૂજ સાયલા | તેરા | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૦.૧૫ | ડોંબિવલી | નિશી સુનિલ સુરેશ લુઠિયા | બાયઠ | ૧૦મ. |
| ૧૭.૧૦.૧૫ | માંડવી | શાંતિલાલ ખીમજી માણેકજી મૈશેરી | કોઠારા | ૭૯ |
| ૧૭.૧૦.૧૫ | ગદગ | કસ્તુરબાઈ નરોત્તમલાલ ધરમશી | જખૌ | ૮૩ |
| ૧૯.૧૦.૧૫ | મુલુંડ | મધુ ધનજી લાલજી ખોના | નલિયા | ૬૯ |
| ૧૯.૧૦.૧૫ | પાંચોરા | રતનબાઈ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૮૨ |
| ૨૦.૧૦.૧૫ | ઘાટકોપર | કેતન ગોંવિદજી લોડાયા(અજાણી) | કોઠારા | ૫૦ |
| ૨૩.૧૦.૧૫ | ડોંબિવલી | ભાગ્યવંતી હીરજી લોડાયા | કોઠારા | ૭૪ |
| ૨૩.૧૦.૧૫ | ડોંબિવલી | પ્રમિલાબેન રાજેશ શાહ (નાગડા) | | -૪૩ |


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# સ્નેહાંજલિ



જન્મ :
તા. ૧૫/૦૨/૧૯૪૬

દેહવિલય :
તા. ૦૧/૧૧/૨૦૧૪

## સ્વ. શ્રી હિરાચંદ અરજણ પટેલ (લોડાયા)

(બાંઢીયા - ઐરોલી, નવી મુંબઈ)

મહીના સાથે વર્ષ વીત્યું, વીતશે વર્ષ અનેક....
અમ હૈયાના કણ કણમાં, રહેશો સદાય આપ....

આવજો કહ્યું ન કહ્યું ને સહજમાં ચાલી ગયા....
જીંદગીના બધા અરમાન પણ હાલી ગયા....
લઈ ગયા સર્વસ્વ અમારું એ કહીએ કેવી રીતે ?
આપ તો બે હાથ હંથેરી ચાલી ગયા....

**વંદનાંજલિ આપતો આપનો પરિવાર**
**આપની યાદમાં નતમસ્તક....**

ધર્મપત્ની : હંસા હિરાચંદ પટેલ
પુત્રવધુ-પુત્ર : અ.સૌ. તૃપ્તિ નિલેશ પટેલ
પુત્રવધુ-પુત્ર : અ.સૌ. વંદના નિપેશ પટેલ
પુત્રવધુ-પુત્ર : અ.સૌ. રૂપલ શૈલેશ પટેલ
પૌત્રી : જીનેષા નિપેશ પટેલ
પૌત્ર : પ્રિતેશ નિપેશ પટેલ

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



જન્મ :
તા. ૧૦/૦૯/૧૯૨૩

દેહવિલય :
તા. ૨૯/૧૦/૨૦૧૪

## સ્વ. શ્રી ટોકરશી આણંદજી લાલકા

(કચ્છ : લાલા, હાલ : વાશી)



કૌટુંબિક વાત્સલ્યતા, સૌ પ્રત્યે આદર ને સ્નેહભાવ,
સહયોગી થવાની ભાવના ધરાવતો પરોપકારી સ્વભાવ...
સાથે હેતભીનું સાદગીભર્યું જીવન જીવીને,
લાગણીસભર સ્મૃતિઓની સુવાસ પ્રસરાવી ગયા...
**આપનો દિવ્ય આત્મા પરમ પદને પામે**
**એજ પ્રભુને પ્રાર્થના...**



## સમસ્ત લાલકા પરિવાર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,